FORM–A

આંકલાવ મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : આંકલાવ. **આંક–......**

જજમેન્ટ તારીખ	૦૪/૦૭/૨૦૨૬
ફોજદારી કેસ નં.	**જુનો કેસ નં.૧૯૦૮/૨૦૦૬** **નવો કેસ નં.૧૮૦/૨૦૨૬**
ગુના રજી. નં.	આંકલાવ પો.સ્ટે.ફ.ગુના ર.નં.૧૬/૦૨
ફરીયાદી	શ્રી સરકાર
ફરીયાદી પક્ષ તરફે	વિદ્વાન એ.પી.પી.શ્રી એસ.કે.રાવલ
આરોપીઓ	હસમુખભાઈ છગનભાઈ ચાવડા રહે.અલકાપુરી ટેકરી, મુ.પો.દાવોલ, તા.આંકલાવ, જી.આણંદ
આરોપી પક્ષ તરફે	વિદ્વાન વકીલશ્રી એ.કે.મલેક

FORM–B

ગુનાની તારીખ	તા.૦૧–૧૧–૨૦૦૦ થી તા.૩૦–૦૬–૨૦૦૧ દરમ્યાન
એફ.આઈ.આર.ની તારીખ	૦૫–૦૨–૨૦૦૨
પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ	૨૭–૦૨–૨૦૦૩
પુરાવાની શરુઆતની તારીખ	૦૯–૦૮–૨૦૧૦
ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ	૦૨–૦૭–૨૦૨૬
ચુકાદાની તારીખ	૦૪–૦૭–૨૦૨૬
સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો.	––

<u>–: આરોપીની વિગત :–</u>

અનુ. નં.	આરોપીનું નામ	ધરપકડ ની તારીખ	જામીન મુકિતની	તહોમત	શું નિર્દોષ	કરવામાં આવેલ	**Cr.P.C.** કલમ

			તારીખ		છોડયા/ સજા કરી	સજા	૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયત નો સમયગાળો
૧.	હસમુખ ભાઈ છગન ભાઈ ચાવડા	૨૫/૦૭ /૨૦૦૨	જામીન મુકત છે.	ઈ.પી.કો. કલમ– ૪૦૯ મુજબ	નિર્દોષ	––	––

FORM–C

–: ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી :–

(એ). ફરીયાદ પક્ષ તરફે મૌખિક પુરાવા :–

અનુ.નં.	નામ	પુરાવાનો પ્રકાર	આંક
PW-1	નારણભાઈ ઈશ્વરભાઈ પટેલ	ફરીયાદી	૩૧
PW-2	જેણાભાઈ શકરાભાઈ પઢીયાર	પંચ સાહેદ	૭૨
PW-3	દિનેશભાઈ પરસોત્તમભાઈ પઢીયાર	પંચ સાહેદ	૭૪
PW-4	રાજેશભાઈ અંબાલાલ મકવાણા	સાહેદ	૭૬
PW-5	ફીરોઝ મહંમદ ઉર્ફે ફકીર મહંમદ ચન્દ્રસિંહ રાઠોડ	સાહેદ	૭૯
PW-6	માનસીંગ ચન્દ્રસીંગ રાઠોડ	સાહેદ	૮૨
PW-7	અંબાલાલ શનાભાઈ નાયર	સાહેદ	૮૩
PW-8	અશોકભાઈ રામાભાઈ પરમાર	સાહેદ	૮૬
PW-9	નિવૃત પી.આઈ.શ્રી ઈશ્વરભાઈ દુધાભાઈ વાણીયા	ત.ક.અ.	૮૮

(બી). બચાવ પક્ષ.

અનું.નં.	નામ	પુરાવાનો પ્રકાર
DW	કોઈ સાહેદ તપાસેલ નથી.	––––

(સી). અદાલત દ્વારા.

અનું.નં.	નામ	પુરાવાનો પ્રકાર
CW	કોઈ સાહેદ તપાસેલ નથી.	----

-: ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના આંકની સુચી :-

(એ). ફરીયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :-

અનુ. નં.	આંક	વિગત
(૧)	૩૨	વહીવટદારની નિમણૂંકના હુકમની નકલ
(૨)	૩૩	આરોપી હસમુખભાઈ છગનભાઈ ચાવડાનું નિવેદન
(૩)	૩૫	આરોપી હસમુખભાઈ છગનભાઈ ચાવડાને તા.૨૭/૧૧/૨૦૦૧ ના રોજ મોકલાવેલ નોટીસ
(૪)	૩૬	રજી.એડી દ્વારા આરોપીને નોટીસ મોકલ્યા અંગેની પાવતી
(૫)	૩૭	આરોપી હસમુખભાઈ છગનભાઈ ચાવડાને તા.૨૪/૧૨/૨૦૦૧ ના રોજ મોકલાવેલ નોટીસ
(૬)	૩૮	આરોપીને નોટીસ બજી ગયા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ
(૭)	૩૯	તા.૦૧/૧૧/૨૦૦૦ ની સભાના ઠરાવની નકલ
(૮)	૪૦	તા.૨૦/૦૪/૨૦૦૧ ના રોજની મળેલ કમીટી સભામાં ઠરાવની નકલ
(૯)	૪૧	ડે બુક અસલ
(૧૦)	૪૨	આરોપી હસમુખભાઈ નાઓએ વાઈસ ચેરમેન તથા કમીટી સભ્યોને મંડળીમાં મેનેજર તરીકે કામગીરીનું મહેનતાણું આપવા બાબત લખેલ પત્ર
(૧૧)	૪૩	ખાસ અહેવાલ
(૧૨)	૭૩	ગુનાના કામે હિસાબી ચોપડા કબજે કર્યાનું પંચનામું
(૧૩)	૮૦	નોટબુક અસલ
(૧૪)	૮૯	એફ.આઈ.આર.
(૧૫)	ટે.૯૦	દસ્તાવેજ પ્રત અસલ રેકર્ડ મળી ન આવતા અગાઉ રેકર્ડ ઉપર લાવેલ

(બી). બચાવ પક્ષ દ્વારા કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

(સી). અદાલત દ્વારા બીજા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી.

(ડી). સદરહું કામે મુદ્દામાલ એક રોજમેળ ચોપડો, પાકા પુઠાનો ચોપડો તથા એક ઠરાવ બુક કબજે કરવામાં આવેલ છે.

-: ઠ રા વ :-

➔ નામ.ડી.કોર્ટ આણંદના ઓર્ડર નં.ક્રિ.મી. /ટી/૦૯/૨૦૨૬ તા.૦૭/૦૨ /૨૦૨૬ ના હુકમ મુજબ સદરહું રેકર્ડ સિનીયર સિવિલ જજ, બોરસદ નાઓ તરફથી ટ્રાન્સફર થયેલ હોય, સદરહું કેસ અત્રેની કોર્ટમાં તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજથી ફોજદારી રજીસ્ટ્રરે દાખલ કરેલ છે.

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ દરબારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લી. આસોદરમાં પોતાની મેનેજર તરીકેની ફરજ દરમ્યાન તા.૦૧/૧૧ /૨૦૦૦ થી તા.૩૦/૦૬/૨૦૦૧ સુધીના કુલ રૂા.૨,૯૨,૦૧૭/- (અંકે રૂપિયા બે લાખ બાણું હાજર સત્તર પુરા) પોતાના અંગત કામે વાપરી નાંખી ક્રેડીટમાં નહીં ભરી ઉચાપત કરી ગુનો કરેલ હોય, તપાસનીશ અમલદારે તપાસ દરમ્યાન તપાસને અંતે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ-૪૦૮ મુજબના ગુના અંગેનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજુ કરેલ. ત્યાબાદ આરોપી સામે ઈ.પી.કો.કલમ-૪૦૯ કલમ ઉમેરવાની અરજી કરેલ, જે અરજી કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવેલ.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના-મુલ્યે પુરી પાડવામાં આવેલી. આક્ષેપિત ગુના અંગે આંક-૦૭ થી આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવી આરોપીની આંક-૦૮ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા, આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત ફોર્મ–સી માં દર્શાવ્યા મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૪) સદરહું કામે રેકર્ડ ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા, ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. સદરહું કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા, આરોપીએ ફરીયાદ પક્ષના કેસની હકીકતો નકારેલ છે તથા પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે. વિશેષમાં જણાવેલછે કે,''મંડળીની શરૂઆતમાં જ કેટલાક સભ્યોના હિત તેમજ લાલસા નહીં સંતોષાતા તેઓએ ભેગા મળી સરકારનો સાથ સહકાર લઈ ખોટી રજુઆત કરી ચાલુ મંડળીને તોડી પાડીને ખોટો કેસ ઉભો કરેલ છે.'' હાલના કામે આરોપીઓ તરફે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઈ સાહેદ તપાસેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.કે.રાવલ નાઓની દલીલો સાંભળી તથા આરોપીઓના વિ.વ.શ્રી એ.કે.મલેક નાઓની દલીલો સાંભળવામાં આવી.

(૫.૧) ફરીયાદ પક્ષ તરફે દલીલ :–

સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી એસ.કે.રાવલ નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, સદરહું કામે આરોપીઓ સામે આંક–૦૭ થી ઈ.પી.કો. કલમ–૪૦૮ મુજબના ગંભીર ગુનાઓનું તહોમત ફરમાવવામાં આવેલ હતો ત્યાબાદ આરોપી સામે ઈ.પી.કો.કલમ–૪૦૯ કલમ ઉમેરવાની અરજી કરેલ, જે અરજી કોર્ટ ધ્વારા મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ તેઓએ જણાવેલ છે કે, ફરીયાદીએ પોતાની સર–તપાસમાં પ્રોસિકયુશનના કેસને સમર્થન આપેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આંક–૭૯ થી સાહેદ ફીરોઝ મહંમદ ઉર્ફે ફકીર મહંમદ ચન્દ્રસિંહ રાઠોડ નાઓએ પણ તેઓની જુબાનીમાં પ્રોસિકયુશનના કેસને સમર્થન આપેલ છે. ત્યારબાદ આ કામે આંક–૩૩ થી આરોપીનું નિવેદન છે જેમાં તેઓ પોતાના નિવેદનમાં

રૂા.૨,૯૨,૦૧૭/– ની સિલક નવા નિમાયેલ વહીવટદારને સુપ્રત કરતો નથી તે હકીકત કબુલે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આ કામે આંક–૩૫ અને ૩૭ થી હસમુખભાઈને સિલકની રકમ પરત લેવા માટે નોટીસ આપેલ છે અને ફરીયાદી નારણભાઈ ઈશ્વરભાઈ પટેલને આંક–૩૧ થી તપાસવામાં આવેલ હોય, તે અન્વયે આંક–૩૨ થી આંક–૪૩ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય, જેમાં આંક–૪૦ વાળી ઠરાવ બુક તથા આંક–૪૧ વાળી ડે બુક તેઓએ પંચો રૂબરૂ કબજે કરી તપાસના કામે તેઓને એફ.આઈ.આર. મળેલ. અને આરોપી વિરૂધ્ધ પોલીસ કેસ નોંધા માટેનો જીલ્લા રજીસ્ટ્રારશ્રીના પત્ર તા.૦૪/૦૨/૨૦૦૨ ની ઝેરોક્ષ બતાવવામાં આવતાં તેઓને તપાસના કામે મળેલ તે જ છે જે તેઓએ ઓળખી બતાવી રજુ કરેલ હોય, જે મુજબના દસ્તાવેજી આધારો તથા રજુ મૌખિક પુરાવાઓ અન્વયે આરોપીઓ સામેનો કેસ ફરીયાદ પક્ષે પુરવાર કરેલ હોય, સદરહું કામે રજુ સમગ્ર પુરાવાઓ ધ્યાને લઈ આરોપીને કાયદા મુજબની સજા કરવા દલીલ કરેલ છે.

(૫.૨) બચાવ પક્ષ તરફે દલીલ :–

સદરહું કામે આરોપી તરફે વિ.વ.શ્રી એ.કે.મલેક નાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, સદરહુ કામે આંક–૩૧ થી ફરીયાદી નારણભાઈ ઈશ્વરભાઈ પટેલ (વહીવટદાર, ક્રેડીટ સોસાયટી લી.આસોદર) ને સોસાયટી બાબતની કોઈ જાણ નથી વધુમાં તેઓને સોસાયટી ધ્વારા કેટલી રકમ કલેકટ કરેલ તે પણ તેમને ખબર નથી. હાલના કામે ફકત એક રીપોર્ટના આધારે ફરીયાદ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે આ કામે ફરીયાદી સિવાય અન્ય કોઈ સાક્ષી બચાવપક્ષના કેસને સમર્થન કરતા નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આ કામે પ્રોસિકયુશન પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય, તેથી સદરહું કામે ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીએ ઈ.પી.કો. કલમ–૪૦૯ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવા સંજોગોમાં બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ તમામ રજુઆતો લક્ષમાં લઈ આરોપીને નિર્દોષ ઠરાવી

છોડી મુકવા ભારપુર્વક દલીલ કરેલ છે.

(૫.૩) વિશેષમાં બચાવ પક્ષ તરફે પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબના નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા રજુ કરેલ છે.

1. State of Gujarat Vs. Jerubhai Fuljibhai on 17 March, 1993
   Equivalent citations : (1994) 1GLR29
2. State of Gujarat Vs. Kaysinh Dhulsinh Makwana, Criminal Appeal No.1035 of 2012
3. State of Gujarat Vs. Kavadiya Sureshkumar Bhogilal & Anr., Criminal Appeal No.46 of 2007
4. S.L.Goswami Vs. State of Madhya Pradesh on 4 January, 1972
   Equivalent citations : 1972 AIR 716

(૬) સદરહું કેસની ઉપરોકત હકીકતો, રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ તમામ પુરાવાઓ તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજુઆતો ધ્યાને લેતાં, સદરહું કેસના ન્યાય-નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :-

-: મુદ્દાઓ :-

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ દરબારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લી. આસોદરમાં પોતાની મેનેજર તરીકેની ફરજ દરમ્યાન તા.૦૧/૧૧/૨૦૦૦ થી તા.૩૦/૦૬/૨૦૦૧ સુધીના કુલ રૂા.૨,૯૨,૦૧૭/- (અંકે રૂપિયા બે લાખ બાણું હાજર સત્તર પુરા) પોતાના અંગત કામે વાપરી નાંખી ક્રેડીટમાં નહીં ભરી ઉચાપત કરી ઈ.પી.કો.કલમ-૪૦૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

-: કારણો :-

મુદ્દા નં.૧ :-

(૮) સદર કામે આરોપી વિરુધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર આવેલ પુરાવા જોવામાં આવે તો ફરીયાદપક્ષે સદરહું કામે આંક-૩૧ થી ફરીયાદી નારણભાઈ ઈશ્વરભાઈ પટેલ (વહીવટદાર, ક્રેડીટ સોસાયટી લી.આસોદર) નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે સરતપાસ દરમિયાન તેઓએ જણાવેલ છે કે,''મને તા.૨૭/૦૯/૦૧ ના અરસામાં જીલ્લા રજી.શ્રી, આણંદના હુકમ અન્વયે દરબારી ક્રેડીટ કો.ઓ. ના વહીવટદાર તરીકે મારી નિમણૂંક થયેલી. તે અસલની ઝેરોક્ષ આ કામે નિ.૨૯/૧૧ બતાવવામાં આવે છે. આરોપી તરફે વાંધા સાથે આંક-૩૨ એ.પી.પી.શ્રીની રજુઆત છે કે, જે તે ફડચા અધિકારીએ અસલ દસ્તાવેજ લીધેલ છે જેને આંક-૩૨ વાંધા સાથે આપવામાં આવે છે. આથી હું તા.૧૧/૧૦/૦૧ ના રોજ મંડળીએ વહીવટ લેવા માટે મંડળીના સ્થળે ગયેલો તે સમયે મંડળીના મેનેજર/ચેરમેનશ્રી હસમુખભાઈ છગનભાઈ ચાવડા નાઓએ મને મંડળીનો ચાર્જ આપેલો અને દફતર આપેલો, પરંતુ ૧૧/૧૦/૦૧ ના રોજ રોજમેળના પાના નં.૧૯૧ ઉપર રોજમેળની સીલક રૂા.૨,૯૨,૦૧૭/- મને સુપરત કરેલ નહીં. તે અમોએ શેરો પાન નં.૧૯૧ ઉપર કરેલો છે. આ ઉપરાંત તેમણે તે દિવસે નિવેદન આપેલો. તેઓએ જણાવેલ કે, લેખિતમાં પાવતી આપેલી કે રોજમેળમાં કેટલીક એન્ટ્રી બાકી છે તે નાંખી દેશે અને નીકળતી જે કોઈ સીલક હશે તે બેંકના મંડળીના ખાતામાં જમા કરાવી દેશે. રૂા.૨,૯૨,૦૧૭/- ની સીલકની રકમ હસમુખભાઈ છગનભાઈ ચાવડા પાસે રહેતી હતી. મને હસમુખભાઈ છગનભાઈ નાએ લેખિતમાં જે નિવેદન આપેલું તે નિ.૨૯/૨ થી રજુ છે. જેમાં દરબારી કો.ઓ.ક્રેડીટ સો.નો સિકકો છે અને હસમુખભાઈ ચાવડાની સહી છે. આરોપી તરફે વિ.વ.શ્રીનો વાંધાો છે કે, સદર દસ્તાવેજને આંક આપી શકાય નહીં. કારણ

કે આરોપીનું પોતાના વિરૂધ્ધનું સ્ટેટમેન્ટ છે તે છે. સદર સાહેદની હાજરીમાં આરોપીએ સહી કરેલી જે તેઓ ઓળખી બતાવે છે અને તેથી નિ.૨૯/૨ ને આંક–૩૩ આપવામાં આવે છે. આ તબકકે આરોપી તરફે આંક–૩૩ આપવાનો હુકમ કરેલ છે તે દસ્તાવેજ અમો આંક આપવા સામે રીવીઝન કરવી હોય ત્યાં સુધી સ્ટે કરવા માટે તેઓની રજુઆત છે કે, રીવીઝન થતા સુધી કાર્યવાહી સ્ટે કરવી જોઈએ. આરોપીનો બંધારણીય હકક છે તે માટે કાર્યવાહી સ્થગીત કરવી જોઈએ. સદરહું કેસ ૨૦૦૧ ના અરસાનો છે. ફરીયાદપક્ષના પ્રથમ સાહેદે જુબાની આપવાનું ચાલું કરેલ છે અને ફરીયાદી કે જે ૭૧ વર્ષની ઉંમરના છે. હાલમાં ફરીયાદપક્ષની કામગીરી પોતાનો પુરાવો રજુ થયેલા દસ્તાવેજને આંક આપવાની જે તે પક્ષકારની વિરૂધ્ધમાં કે તરફેણમાં પુરવાર થઈ જતો નથી. આ તબકકે સદર દસ્તાવેજને મુલ્યાંકન કરવાનું નથી. આરોપી તરફે વ.શ્રીની રજુઆત છે કે, કેસ દસ્તાવેજી પુરાવા ઉપર આધારીત છે માટે ફરીયાદપક્ષના સાહેદ સીનીયર સીટીજન છે તેથી કાર્યવાહીને કોઈ બાધ આવવાનો નથી. નામ.ગુજ.હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગૌરાંગ મથુરભાઈ લેઉવા, 1999 (2) G.L.H. 564 વોલ્યુમ–II ધ્યાને લેતા બચાવપક્ષને જે તે દસ્તાવેજ માટે ઉલટ તપાસનો હકક છે અને સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ વિ. શંભુપ્રસાદના ચુકાદાના પ્રસ્થાપિત ચુકાદાથી કાર્યવાહી સ્થગીત કરવાની માંગણી કરતી અરજી કરેલી છે જે નામંજુર કરવામાં આવે છે. મંડળીની રકમ જમા ન થતા મેં હસમુખભાઈ ચાવડાને તા.૨૭/૧૧/૦૧ ના રોજ નોટીસ આપીને જણાવેલ છે કે, તા.૦૪/૧૨/૦૧ ના રોજ મંડળીના કાર્યાલયે હાજર થઈ ખુલાસો કરવો અને તે નોટીસ મકાન મડી ગયું હોવાથી તા.૦૫/૧૨/૦૧ ના રોજ પરત આવેલી. મને નિ.૨૯/૪ થી તા.૦૪/૧૨/૦૧ ના રોજ મં ડળીના કાર્યાલયે હાજર રહેવાની નોટીસ આપેલી. જેને વાંધા સાથે આંક–૩૫ આપવામાં આવે છે. જે રજી.પોસ્ટ એ.ડી.થી મોકલેલી. તેના એકનોલેજમેન્ટની ઝેરોક્ષને આંક–૩૬ આપવામાં આવે છે. તા.૨૪/૧૨/૦૧ ના રોજ ફરીથી રકમ ભરી જવા માટે હસમુખભાઈ ચાવડાને નોટીસ આપેલી. જે નિ.૨૯/૬ થી સ્થળપ્રત રજુ છે. જેને વાંધા સાથે આંક–૩૭

આપવામાં આવે છે. તા.૨૬/૧૨/૦૧ ના રોજ આંક–૩૭ વાળી નોટીસ સ્વીકારેલી. જે એકનોલેજમેન્ટ નિ.૨૯/૭ થી રજુ છે. જેને વાંધા સાથે આંક–૩૮ આપવામાં આવે છે. આ બીજી નોટીસ આરોપીને બજી ગયેલી, પરંતુ તેનો કોઈ પ્રત્યુતર આપેલ નથી અને કોઈ રકમ ભરપાઈ થયેલી નહીં. તા.૦૧/૧૧/૨૦૦૦ ના રોજ સદર મંડળીની કચેરીએ ઠરાવ કરીને હસમુખભાઈ છગનભાઈ ચાવડાને તથા કનુભાઈ ખોડાભાઈ અને ગોરધનભાઈ પૂજાભાઈ નાઓએ બેંકમાંથી નાણાંની લેવડ દેવડ માટે ત્રણ પૈકી બેની સહીથી વ્યવહાર થઈ શકે તે અંગે ઠરાવ કરેલો. જેની નકલ નિ.૨૯/૮ થી રજુ છે. જેને વાંધા સાથે આંક–૩૯ આપવામાં આવે છે. આ કામે નિ.૨૯/૯ થી જે તા.૨૦/૦૪/૦૧ ના રોજ મંડળીએ ઠરાવ પસાર કરેલો તે ઠરાવને ૧ થી ૬ અસલ ઠરાવ બુક પાન નં.૨ ઉપર તથા નં.૩ ઉપર કરવામાં આવેલ ઠરાવ જોતા ઠરાવ નં.૨ હસમુખભાઈ ચાવડા નાઓએ સીકકા રાખવા બાબતે ઠરાવ કરવામાં આવે છે. જે રજુ કરુ છું. જે મુદ્દામાલ આર્ટીકલ નં.૧ ને રજુ આંક–૪૦ આપવામાં આવે છે. આંક–૪૦ ના ઠરાવ બુકમાં હસમુખભાઈ ચાવડા નાઓને મેનેજર તરીકે નીમેલા તે અંગેનો ઠરાવ છે. ઠરાવ નં.૨ માં મંડળીએ એ મુજબ ઠરાવ કરેલો કે મંડળીની સિલક હસમુખભાઈ ચાવડા બેંકમાં જમા કરાવતા ન હતા અને પોતાના ઘરે લઈ જતા હતા તે અં ગેનો ઠરાવ કરેલો. આ કામે આંક–૩૯ થી જે ઠરાવની નકલ છે તે અસલ ઠરાવ આંક–૪૦ વાળા ઠરાવમાં પાન નં.૧ ઉપર છે. મને આ કામે મુદ્દામાલ પોલીસે જમા લીધેલો. તે અસલ રોજમેળ મને બતાવવામાં આવે છે. જેને આંક–૪૧ આપવામાં આવે છે. તા.૧૧/૧૦/૦૧ ના રોજ રોજમેળ પ્રમાણે મંડળીના હાથ ઉપર સિલક ૨,૯૨,૦૧૭/– હતી તે રજુ કરી શકાય નથી જે અંગેનો શેરો મેનેજરશ્રી/ચેરેમેનશ્રી હસમુખભાઈ ચાવડાએ શેરો કરેલો. જે પાન નં.૧૯૧ ઉપર છે અને વહીવટદારનો પણ શેરો છે. જે આંક–૪૧ ના પાન નં.૧૯૧ ઉપર વિગત દર્શાવેલી છે. આંક–૪૧ વાળા રોજમેળના પાન નં.૧૪૧ ઉપર જે સહી હસમુખભાઈ ચાવડાએ મારી રૂબરૂમાં કરેલી છે તે જ છે. તે સમયે ચેરમેન સાથે મેનેજર તરીકે શ્રી હસમુખભાઈ ચાવડા હોદ્દો અને ફરજ બજાવતા હતા. તા.૦૮/૧૧/૦૧ ના રોજ

મંડળીના મેનેજર કમ ચેરમેનશ્રીએ શ્રી હસમુખભાઈ ચાવડાએ વાઈસ ચેરમેન તથા ક.સભ્યોને લખેલ પત્ર જે અસલ હું રજુ કરુ છું જે નિ.૨૯/૩ છે જેને આંક-૪૨ આપવામાં આવે છે. આરોપીએ રૂા.૨,૯૨,૦૧૭/- ની ઉચાપત કરેલી. જે અંગેનો રીપોર્ટ મેં જીલ્લા રજીસ્ટ્રારશ્રીને સને : ૨૦૦૨ ના રોજ કરેલો. જે નિ.૨૯/૧ થી રજુ છે. જેમાં મારી સહી છે જેને આંક-૪૩ આપવામાં આવે છે. મેં કરેલા રીપોર્ટના આધારે ફરીયાદ થયેલી અને પોલીસે મારો જવાબ લીધેલો. આરોપી કોર્ટમાં હાજર છે તે જ છે. આરોપી તરફચે વિ.વ.શ્રીની રજુઆત છે કે, આ કામે રજુ થયેલ દસ્તાવેજો જે આંક આપવાનો હુકમ કરેલો છે તે રીવીઝન કરવી હોય અને જયાં સુધી ઉપલી અદાલતમાંથી ડી.એકઝીબીટ કરવા માટેની કાર્યવાહી કરે અને તેનો નિર્ણય આવે ત્યાં સુધી ન્યાયીક કાર્યવાહી સ્થગીત કરવા દાદ માંગેલી છે. જેથી ઉલટ-તપાસ મુલત્વી રાખવાની રજુઆત છે જે ગ્રાહય રાખવામાં આવતી નથી.''

(૮.૧) તેઓની આરોપી પક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''મને આંક-૪૦ ના તા.૨૦/૦૪/૦૧ નો ઠરાવ જોઈને કહુ છું કે તા.૨૦/૦૪/૦૧ ના રોજ હું હાજર નહોતો અને તેમાં હસમુખભાઈ છગનભાઈ ચાવડાના નામની આગળ મેનેજર લખાવેલ છે ચેરમેન શબ્દ લખાયેલ નથી. મને આંક-૪૦ ની ઠરાવ બુકમાં તા.૦૧/૧૦/૨૦૦૦ ના રોજનો ઠરાવ નં.૧ બતાવવામાં આવે છે તેમાં મંડળીએ કરેલ સિંગર ઈન્ડીયા પ્રા. લી. કંપની પાસેથી ખરીદેલ ઘરવખરીની વસ્તુઓ જેવી કે ફ્રીજ, ટી.વી., પંખા, સીલાઈ મશીનના બદલામાં કઈ તારીખે, કયા નંબરના ચેક અને બે કોરા ચેક આપેલા તે અંગેનો ઠરાવ કરેલો છે. એ વાત ખરી છે કે, આંક-૪૦ ના તા.૦૧/૧૧ /૨૦૦૦ ના રોજ એવો ઠરાવ કરેલો કે ચાવડા હસમુખભાઈ છગનલાલ, કનુભાઈ ખોડાભાઈ તથા ગોરધનભાઈ પુજાભાઈ માંથી કોઈપણ બેની સહીથી બેંકનો વ્યવહાર થઈ શકે તેવું ઠરાવવામાં આવેલ છે. મેં મંડળીનું બંધારણ વાંચેલ છે અને માહિતગાર છું. એ વાત ખરી નથી કે, મંડળીના બંધારણ મુજબ કોઈપણ એક વ્યકિતની સહીથી વ્યવહાર

થઈ શકતો ન હોતો. એ વાત ખરી છે કે, મંડળીનો શું વહીવટ થયો અને કેવો વહીવટ થયો તેની મને જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, સહકારી મંડળીના ધાર ધોરણ મુજબ દર વર્ષે ઓડીટ કરવામાં આવે છે. એ વાત ખરી છે કે, અગાઉના વર્ષોમાં ઉચાપત થઈ હોયતો ઓડીટમાં ઠરાવવામાં આવીજાય. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મંડળીના સભ્યોને છ મહીના જેટલો જ સમય થયો હતો. મંડળીના નાણાંકીય વ્યવહાર અંગે રૂા.૧૦,૦૦૦/– ની વધુ રકમનો કોઈ વ્યવહાર કરવાનો હોય તો તે ચેકથીકરવા હીતાવહ છે. મને આંક–૪૨ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે તેની મને જાત માહીતીનથી. એ વાત ખરી છે કે, આંક–૪૧ વાળા દસ્તાવેજ અંગે મને જાત માહીતી નથી. હવે હું કહુ છું કે, પાન નં.૧૯૧ તા.૧૧/૧૦/૦૧ નો જે વ્યવહાર થયેલો છે તે અંગે મને જાત માહિતી છે. એ વાત ખરી નથી કે, તા.૨૮/૦૬/૦૧ થી ૧૦/૦૧/૦૧ સુધી કોઈ વ્યવહારો થયેલા તેની મને જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, આંક–૪૧ ના રોજમેળના પાન નં.૧૯૧ સીવાયના બીજા કોઈ વ્યવહારો અંગે મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, હું જાતે પોલીસ સ્ટેશને ગયો હોય અને જાત કે આર.પી.એ.ડી.થી પોલીસમાં ફરીયાદ આપેલ હોય તેવું બનેલ નથી. મેં પોલીસને ઉદ્દેશીને આ કામે ફરીયાદ કરી હોય તેવું બનેલ નથી. મેં પોલીસને કાંઈ કીધું નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મેં જીલ્લા રજીસ્ટ્રારશ્રીને મોકલેલા રીપોર્ટના આધારે પોલીસ સ્ટેશનમાં પોલીસે મારો તા.૦૪/૦૩/૦૧ ના રોજ જવાબ લીધેલો. તે વાત ખરી છે કે મંડળીમાં લેખીત વહીવટ થાય છે. અને તે અંગેના તમામ દસ્તાવેજો ઉપલ્બધ હોય છે. તે વાતની મને ખબર નથી કે વહીવટદાર તરીકે સદર મંડળીમાં મારી નિમણૂંક થઈ તે પહેલા કોઈ ફરીયાદ લેખીત કે મૈખીક આરોપી સામે થયેલી કે કેમ. તે વાત ખરી છે કે સામાન્ય રીતે સોસાયટીનો વહીવટ વ્યવસ્થા કમીટી અને ચેરમેનશ્રી કરતા હોય છે. તે વાત ખરી છે કે આ વહીવટ સહકારી કાયદા અન્વયે કરવાનો હોય છે. તે વાત ખરી છે કે રૂા. દશ હજારથી વધુ રકમનો વ્યવહાર કરવો હોય તો ચેક ધ્વારા જ કરવો પડે. તે વાત ખરી છે કે હું હાજર થયો તે પહેલાનો જે વહીવટ થયો છે તે અંગે મને કોઈ જાત માહીતી નથી. તે વાત ખરી છે કે મંડળીના ચેરમેન

પોતે મેનેજર અને ચેરમેન બંને પદ સંભાળતા હતા. તે વાત ખરી નથી કે તકરારી સમય ગાળા દરમ્યાન હાલના આરોપી બંને હોદો ધરાવતા નહતા. તે વાત ખરી નથી કે મંડળીના વહીવટમાં જે ક્ષતીઓ રહેલી છે તે માટે તમામ વ્યવસ્થા કમીટી જવાબદાર છે. તે વાત ખરી નથી કે વહીવટદાર તરીકે આરોપી સામે ખોટી ફરીયાદ કરેલી છે.

સવાલ : આંક ૪૦ અને ૪૧નું જે રેકર્ડ કબજે લીધેલું તેનો સંપૂર્ણ અભ્યાસ કરેલો નથી.

જવાબ: સંપૂર્ણ અભ્યાસ કરવાની જરૂર નથી. તે વાત ખરી છે કે મંડળીની સીલક રૂા.બે લાખ બાણું હજાર સત્તર અંગત કામે વાપરીનાખ્યાનો રીપોર્ટ જીલ્લા રજી.શ્રીને કરેલો. તે વાત ખરી છે કે મે રૂબરૂમાં અર્થાથ લેખીતમાં કે કોઈ પણ માધ્યમ મારફતે જાતે હાજર થઈને પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ નથી. તે વાત ખરી છેકે છેલ્લી સીલક ન મળી એટલે મે રીપોર્ટ કરેલો. તે વાત ખરી છે કે આંક ૪૦ અને ૪૧ વાળા ચોપડાનો મેં રીપોર્ટ કરેલો ફક્ત છેલ્લે સીલક ન મળતા મે આ કામના તોદાર સામે રીપોર્ટ કરેલો. તે વાત ખરી નથી કે આરોપીને ખોટીરીતે સામેલ કરવા ખોટો રીપોર્ટ તૈયાર કરીને સબમીટ કરેલો છે."

(૯) ફરીયાદ પક્ષ તરફે આંક–૭૨ થી પંચ સાહેદ જેણાભાઈ શકરાભાઈ પઢીયાર તથા આંક–૭૪ થી પંચ સાહેદ દિનેશભાઈ પરસોત્તમભાઈ પઢીયાર નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે સરતપાસ દરમિયાન સદરહું પંચ સાહેદોએ સરતપાસ દરમિયાન ગુનાના કામે હિસાબી ચોપડા કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૭૩ થી ગુનાના કામે હિસાબી ચોપડા કબજે કર્યાનું પંચનામું રજુ કરેલ છે, પરંતુ પંચનામામાં સહી કર્યા સિવાય પંચનામા અંગેની હકીકતને લેશમાત્ર સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે તેમજ વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ઉલટતપાસ કરવા પરવાનગી આપેલ હોય, તે અન્વયે સુચક પ્રશ્નો પુછવા છતાં સદરહું પંચ સાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી, ત્યારે આંક–૭૩ થી સામેલ સદરહું પંચનામું યોગ્ય રીતે પુરવાર થયેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષ તરફે આંક–૭૬ થી સાહેદ રાજેશભાઈ અંબાલાલ મકવાણા નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે સરતપાસ દરમિયાન

તેઓએ જણાવેલ છે કે,'' હું આશરે ૪૦-૪૫ વર્ષથી કંથારીયા ગામે રહું છુ અને ખેતીકામ કરુ છુ. બનાવ વિશે હું કાંઈપણ જાણતો નથી. હું કોઈ જગ્યાએ કોઈ મંડળીમાં હોદા ઉપર હોય અને કોઈ કામગીરી કરેલ હોય તેવુ બનેલ નથી. કોઈ જગ્યાએ કોઈ મંડળીમાં કોઈ ગોટાળો થયો હોય અને તેની મને જાણ હોય તેવુ બનેલ નથી અને કોને શું કામગીરી કરી તેવી કોઈ હકીકત હું જાણતો નથી. કોઈ ગેરરીતિની ફરીયાદમાં પોલીસે મારુ નીવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી. હું કોઈ આરોપીને ઓળખી શકુ નહી.''

(૧૦.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહુ સાહેદે ફરીયાદપક્ષને સમર્થનકારક હકીકતો જણાવેલ નથી. તેઓની આરોપી તરફે કોઈ ઉલટ-તપાસ લેવામાં આવેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષ તરફે આંક-૭૯ થી સાહેદ ફીરોઝ મહંમદ ઉર્ફે ફકીર મહંમદ ચન્દ્રસિંહ રાઠોડ નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે સરતપાસ દરમિયાન તેઓએ જણાવેલ છે કે,'' હું સને ૨૦૦૨ ની સાલમાં હું ખેતી કરતો હતો અને તે સિવાય હું બીજી કોઈ જગ્યાએ કામ કરતો ન હતો. મને કોઈ જગ્યાએ નોકરી રાખેલ હોય અને મને કોઈ માસીક પગાર આપતા હોય તેવુ કાંઈ બનેલ નહી. અમો સને ૨૦૦૧ ની સાલમાં ૧૧ નવેમ્બર ૨૦૦૦ થી ૯.૫.૨૦૦૧ સુધી આસોદર આવેલ દરબારી કો.ઓ. ક્રે.સો.માં કલાર્ક તરીકે નોકરી કરતો હતો. ૨ માસ નોકરી ગયા બાદ મારી પાસે રૂ.૨૦,૦૦૦/-(વીસ હજાર) ફીકસ કરાવી કેશીયર તરીકે નિમણુક આપેલી જે બદલ મને રૂ. ૬૦૦/-(છ સો) માસીક પગાર મળતો હતો. જે દરબારી કો.ઓ.ક્રે.સો.ના નામે શેર બહાર પાડેલા જે વખતે મંડળીના ચેરમેન તથા મેનેજર તરીકે હસમુખલાલ છગનલાલ ચાવડા રહે. દાવોલવાળા હતા. મંડળીના નાણાં રોકડ હસમુખભાઈ પાસે જતા હતા જે મંડળી લગભગ ૮-૯ મહીના ચાલેલી. મંડળીના હીસાબની તપાસ

ડીરેકટરોએ કરતા હીસાબ કીતાબમાં ગરબડ જેવુ જણાયેલુ. હસમુખભાઈએ હીસાબ કીતાબ ન આપતા ડીરેકટરોએ જીલ્લા રજીસ્ટ્રારને જણાવેલુ ત્યારબાદ જીલ્લા રજીસ્ટ્રારે વહીવટદાર એન.આઈ પટેલનાઓના નીમેલા. તેઓએ ઓડીટ કરાવેલું જે ઓડીટના અંતે સોસાયટીની બંધ સીલક રૂ.૨,૯૨,૦૧૭/–(બે લાખ બાણુ હજાર સતાર રૂપિયા) હતી જે બાબતે વહીવટદારે પુછતા હસમુખભાઈએ સીલક ન હોવાનું જણાવતા ઉચાપત થયેલાનું જણાયેલ. હસમુખભાઈની જુબાની લઈ રોજમેળમાં લખી હસમુખભાઈની સહી કરાવેલી અને ત્યારબાદ વહીવટદારે અમોને જણાવેલ કે આ બાબતનો કેસ થશે. ત્યારબાદ જીલ્લા રજીસ્ટ્રારે કેસ કરેલો જેની જાણ અમોને તા.૨૨.૦૨.૨૦૦૨ નારોજ થયેલી. આ કેસની જાણ અમોને પોલીસ ધ્વારા થયેલી. દૈનીક બચત ખાતામાં રહીમખાન બળવંતસીહ રાઠોડ દૈનીક બચત ઉઘરાવી લાવતા હતા જે અમારી પાસે આવતી જે અમો હસમુખભાઈને રોજે રોજની જમા કરાવતા જે અમો અમારી નોટબુકમાં ઉતારી તારીખ વાઈઝ લખી તેમાં હસમુખભાઈની સહી લેતા હતા અને રકમ હસમુખભાઈને જમા કરાવતા હતા. મને નિ–૭૮/૧ વાળી અસલ નોટબુક બતાવવામાં આવે છે જેમાં મારા અક્ષરો છે તેમજ બાજુમાં પાને પાને મંડળીના ચેરમેન તથા મેનેજર હસમુખભાઈની સહી છે જે અસલ નોટબુક આજરોજ હું રજુ કરુ છુ. માત્ર દસ્તાવેજને આંક પાડવાથી તે સાબીત થતુ નથી અને નામ.સુપ્રીમ કોર્ટના બીપીનચંદ્ર શાન્તીલાલ પંચાલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૦(૨) જી.એલ.એચ ૫૪૫ ના ચુકાદાને ધ્યાને રાખતા સદર દસ્તાવેજને વાંધા સાથે ટેન્ટેટીવ આંક–૮૦ આપવામાં આવે છે. આ સિવાય અમોએ બીજી કોઈ કાર્યવાહી કરેલી નહી અને કોઈ ચીજ વસ્તુ રજુ કરેલ નહી. મને આંક–૪૧ વાળો ડે–બુક બતાવવામાં આવે છે જેમાં પાનાનં.૧૯૧ મને બતાવવામાં આવે છે તેમાં હસમુખભાઈની સહી હું ઓળખી બતાવુ છુ. આ બાબતે પોલીસે મારુ કોઈ નીવેદન લીધેલુ નહી. હું આરોપી હસમુખભાઈને જોયે ઓળખુ છુ. આજરોજ નામ.કોર્ટમાં હાજર છે.''

(૧૧.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે સદરહુ સાહેદે જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે મંડળીમાં પૈસાની ખેંચ જણાતા ડીરેકટરોએ હીસાબની માંગણી કરેલી. એ વાત ખરી છે કે હસમુખભાઈએ હીસાબ ન બતાવતા કેટલાક ડીરેકટરોએ રાજીનામા બાબતની કેટલાક ડીરેકરોએ અરજી કરેલી. એ વાત ખરી છે કે વહીવટદારની નિમણુક થયા બાદ ઓડીટ કરાવતા રૂ.૨,૯૨,૦૧૭/- (બે લાખ બાણુ હજાર સતાર)ની રકમ હસમુખભાઈએ વહીવટદારને સોંપેલ નહી જેથી હસમુખભાઈએ ઉચાપત કરેલાનું ધ્યાન ઉપર આવેલુ. એ વાત ખરી છે કે જીલ્લા વહીવટદારે જીલ્લા રજીસ્ટ્રારને લેખીતમાં રીપોર્ટ કરતા મેનેજર હસમુખલાલ છગનલાલ ચાવડા સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો આદેશ થતા મંડળીના વહીવટદાર નારણભાઈએ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે આ મંડળીમાં શેર ભંડોળથી તેમજ થાપણો થી અને દૈનીક બચત ખાતાથી નાણાં ભેગા કરવામાં આવતા જે મેનેજર હસમુખલાલ છગનલાલ ચાવડાનાઓ પાસે જમા કરાવવામાં આવતા હતા. એ વાત ખરી છે કે દૈનીક બચત ખાતામાં નાપાડના માનસીહ ચંદંસીહ રાઠોડ પણ પૈસા ઉઘરાવી મેનેજર પાસે જમા કરાવતા હતા અને જેના જમા વાઉચરો આપતા હતા. એ વાત ખરી છે કે મંડળીના થાપણો અને શેરા પૈસા પણ ઉઘરાવી હસમુખલાલ પાસે જમા કરાવવામાં આવતા હતા. એ વાત ખરી છે કે જેની અરજી બુક પણ રાખવામાં આવતી હતી. એ વાત ખરી છે કે દરબારી કો.ઓ.ક્રે.સો.નું ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્કમાં ખાતા નં. ૫૦ ચાલુ હતુ અને તેની પાસબુક અને ચેકબુક પણ હતી. એ વાત ખરી છે કે દૈનીક બચતના જમાના વાઉચરો બનતા હતા તથા બચત ખાતાના પણ વાઉચરો જમા થતા હતા. એ વાત ખરી છે કે થાપણની રૂ.૨૫,૦૦૦/ ની તથા રૂ.૨૦,૦૦૦/- ની પાવતીઓ નંબર ૯૦ તથા ૯૧ બનેલી હતી. એ વાત ખરી છે કે મે અરજી બુક નંગ-૮, ચાલુ ખાતાની પાસબુક તથા ચેકબુક, દૈનીક બચત જમા

વાઉચરો, બચત ખાતાના જમા વાઉચરો તથા જમા પાવતી નં.૯૦ તથા ૯૧ મે પોલીસને જમા કરાવેલી. એ વાત ખરી છે કે અમોએ જયારે દસ્તાવેજો પોલીસને જમા કરાવેલા તે વખતે પોલીસે મારા નીવેદન લીધેલા.''

(૧૧.૨) તેઓની આરોપી પક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે પોલીસે મારુ નીવેદન લીધેલ નહી. હું બી.કોમ સુધી ભણેલો છુ. હું કો.ઓ સોસાયટીમાં નોકરી કરતા પહેલા ખેતી કરતો હતો. એ વાત ખરી છે કે કો.ઓ સોસાયટીમાં નોકરી કરતા પહેલા અગાઉ મે કોઈ જગ્યાએ કલાર્ક તરીકે કે કેશીયર તરીકે ફરજ બજાવેલ નહી. એ વાત ખરી છે કે આ નોકરી બાબતે કોઈ જાહેરાત બહાર પડેલ નહી અને મારુ કોઈ ઈન્ટરવ્યુ લેવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે આ નોકરી બાબતે મને ઘરે કોઈ બોલાવવા આવેલ નહી. એ વાત ખરી છે કે આ મંડળીનું કોઈ મકાન ન હતુ. હું ૧૧ નવેમ્બર ૨૦૦૦ નારોજ ક્રે.કો.ઓ.સો.માં જોઈન થયેલો. એ વાત ખરી છે કે આ નોકરી અંગેનો ઠરાવ થયેલો. એ વાતની મને ખબર નથી કે આ નોકરી અંગેનો ઠરાવ કયારે અને કઈ મીટીંગમાં થયેલો. આ નોકરી જોઈન કરેલી ત્યારે હું એકલો જ આ નોકરી માટે આવેલો. આ નોકરી બાબતે મને ગામના લોકોએ નોકરી બાબતે પુછેલ કે તમારે આ કો.ઓ.સો.માં નોકરી કરવી છે જે ગામના લોકોમાં મને જે બોલાવવામાં આવેલા તેમનુ નામ ગનીભાઈ વહોરા હતા અને તે સિવાય બીજુ કોઈ નામ મને યાદ નથી. જે ગામના લોકો મને બોલાવવામાં આવેલા હતા તે મારા ફળીયાના ન હતા અને તેઓ હાજી ફળીયાના હતા. આ બંને મહોલ્લા છે તે નાપાડ ગામાના છે. એ વાત ખરી છે કે આ ક્રેડીટ સોસાયટી આસોદર ગામની હતી. એ વાત ખરી છે કે આસોદર ગામનું કોઈ મને બોલાવવા આવેલુ હોય તેવુ બનેલ નહી. એ વાતની મને ખબર નથી કે ક્રેડીટ સોસાયટીના સ્થાપક કોણ હતા. આ ક્રેડીટ સોસાયટીના કુલ ૬-૭ ડીરેકટરો હતા જેના નામ હાલ મને યાદ નથી. એ વાતની મને ખબર નથી કે આ નોકરી જોઈન કર્યા બાદ તે અંગેનો કોઈ ઠરાવ કરવામાં આવેલો કે કેમ. એ વાત ખરી છે કે મારા પગાર અંગેનો ઠરાવ

કરવામાં આવેલો. આ કો.ઓ.ક્રે.સો નું ખાતુ ૩ માણસો ધ્વારા સંચાલન કરવામાં આવતુ હતુ. એ વાત ખરી છે કે ક્ર.સો.ના ખાતામાંથી પૈસા ઉપાડવા માટે ત્રણેય માણસોના સહીની જરૂર પડે. આ ક્રે.સો.માં આશરે ૫૦૦ સભ્યો હતા. એ વાત ખરી છે કે આ મંડળી ધ્વારા સભાસદોને ફ્રીઝ, ઘરઘંટી,ટી.વી, સિલાઈના સંચા વિગેરે સભાસદોને આપવામાં આવતા હતા. એ વાત ખરી છે કે આ બધી વસ્તુઓ વિધાનગર મુકામેથી આવતી હતી. એ વાત ખરી છે કે આ તમામ વસ્તુઓ સભાસદોને લોન ધ્વારા આપવામાં આવતી હતી અને તેની કીમંતના નાણાં સભાસદો પાસેથી વસુલવામાં આવતા હતા. આ સાધનો મંડળીએ કુલ કેટલા લાખના મંગાવેલા તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે કલાર્કની ફરજ દરમયાન મે આ વસ્તુઓ માટે કેટલા નાણાં ચુકવવામાં આવેલા તેની ઈન્વન્ટ્રી મે બનાવેલ નથી. આ સભાસદોએ આ ચીજ વસ્તુઓ સાધનો આપેલા તે સભાસદોએ કેટલા નાણા મંડળીને ચુકવ્યા તેની કોઈ ઈન્વેટ્રી બનાવેલ નથી. એ વાત ખરી છે કે મે પોલીસને તપાસ દરમયાન કેટલા સાધનો ખરીધા, કેટલા સાધનો સભાસદોને ચુકવ્યા તેનુ કોઈ લીસ્ટ કે બીલ મે પોલીસને આપેલ નથી. એ વાત ખરી છે કે આ તમામ ચીજ વસ્તુઓ જે મકાનમાં ગોડાઉનમાં રાખવામાં આવતી હતી તેનુ પોલીસવાળાએ મારી હાજરીમાં પમંચનામુ કર્યુ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે મે પોલીસને તપાસ દરમયાન કેટલા સભાસદો આ ફ્રીઝ, ઘરઘંટી,ટી.વી., મશીન લઈ ગયેલા તેનુ કોઈ લીસ્ટ મે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મે તપાસ દરમયાન મંડળી ધ્વારા જે સાધનો જેવા કે ફ્રીઝ, ઘરઘંટી,ટી.વી.,સિલાઈ મશીન ખરીદ કરેલા અને તેની ચુકવણી વિધાનગર કંપનીને કરેલી અને કેટલી કરેલી તેની કોઈ માહીતી મે ત.ક.અમલદારને તપાસ દરમયાન આપવામાં આવેલ નથી અને કેટલા સભાસદો પાસેથી કેટલી રકમ વસ્તુઓની ચુકવણી પેટે લેવાની નીકળતી હતી તે હકીકત પણ ત.ક.અમલદારને આપવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે વિધાનગર ખાતે સભાસદોને આપવામાં આવતી ચીજ વસ્તુઓ ફ્રીઝ, ઘરઘંટી,ટી.વી. ના નાણાં

કયા સ્વરૂપમાં ચુકવવામાં આવેલા તેની મને કોઈ માહીતી નથી. એ વાત ખરી છે કે સભાસદોને જે જે ચીજવસ્તુઓ આપવામાં આવેલી તેની કીમંત તથા તેનો હપ્તો કેટલો નકકી કરવામાં આવેલો તથા કેટલા વસુલવાના નીકળે છે તેની માહીતી આજદીન સુધી અમારા ધ્વારા ત.ક.અમલદારને આપવામાં આવેલ નથી. મે મંડળીમા કોઈ નાણા જમા કરાવેલા નહી. અરવીંદભાઈ નામના કલાર્કે ૨૫,૦૦૦/– બેન્કમાં જમા કરાવેલા. મંડળીનું બંધારણ કોણે નકકી કરેલુ તેનુ મને ખબર નથી. મંડળીનું બંધારણ અમોએ વાંચેલ નથી. એ વાત ખરી છે કે મંડળીનું એક જ કાર્ય હતુ કે સભાસદોની પાસેથી નાણા લેવાના અને તે પેટે તે નાણા ધ્વારા વસ્તુઓ ખરીદી કરી સભાસદોને તે વસ્તુઓનુ વિતરણ કરવાનુ અને હપ્તા ધ્વારા તેની વસુલાત કરવાની. એ વાતની મને ખબર નથી કે વિધાનગરથી મં ડળી ધ્વારા કેટલા લાખ રૂપિયાની ખરીદી કરવામાં આવેલી. એ વાત ખરી છે કે વિધાનગરથી ખરીદી બાદ કેટલા સભાસદો પાસેથી નાણાની વસુલાત કરવામાં આવેલી તેની મને ખબર નથી.''

(૧૨) ફરીયાદપક્ષ તરફે આંક–૮૨ થી સાહેદ માનસીંગ ચન્દ્રસીંગ રાઠોડ નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે સરતપાસ દરમિયાન તેઓએ જણાવેલ છે કે,''સને ૨૦૦૧ ની સાલમાં હું દરબારી ક્રે.કો.ઓ.સો.માં દૈનીક બચત એજન્ટ તરીકે કામગીરી કરતા હતા. મારી સાથે એક બીજા રહીમભાઈ કરીને પણ આજ કામ કરતા હતા. જે બદલ અમોને દરબારી ક્રે.કો.ઓ.સો. તરફથી ૨ (બે) ટકા કમીશન આપવાનુ કહેલુ હતુ તે કમીશન અમોને આપવામાં આવેલ કે કેમ તે હાલ મને યાદ નથી. અમારે કામગીરીમાં અમે જે દૈનીક બતત ઉઘરાવતા તે સોસાયટીમાં ઓફીસમાં જઈને કેશીયર પાસે અથવા મેનેજર પાસે જે હાજર હોય તેમની પાસે જમા કરાવતા. તે સમયે કેશીયર કોણ હતુ તેની મને ખબર નથી પરંતુ મેનેજર હસમુખભાઈ કરીને હતા જેઓનુ આખુ નામ મને હાલ યાદ નથી. તેઓ દાવોલ–બોદાલના હતા તેવુ જાણવા મળેલ. થોડોક સમય સોસાયટીનું કામ ચાલેલુ પરંતુ ત્યારબાદ જાણવા મળેલુ કે આ સોસાયટી

ફડચામાં જતી રહેલી અને બંધ થઈ ગયેલ. સોસાયટી કેમ બંધ થઈ ગયેલી તેનો મને ખ્યાલ નથી. ત્યારબાદ શું થયેલુ તેની મને ખબર નથી. કારણ કે અમો ફકત દૈનીક બચત એજન્ટ હતા જેથી અંદરના વહીવટનો અમોને ખ્યાલ હતો નહી. બંધ થવાનુ કારણ મંડળી ખોટમાં ગયેલાનું જાણેલુ તે સિવાય બીજુ શું થયેલુ તે હું જાણતો નથી. આ બાબતે કોઈ કાર્યવાહી થયેલ હોય તેની મને જાણ નથી. આ બાબતે કોઈ ફરીયાદ કરવામાં આવેલ હોય તેની મને ખબર નથી કારણ કે બંધ થયા પછી કોણે વહીવટ કરેલો તેની મને ખબર નથી. એ વાત હાલ મને યાદ નથી કે પોલીસે મને પુછપરછ કરી કોઈ નીવેદન લીધેલુ હતુ. આરોપીને જોયે ઓળખુ છુ. આજરોજ નામ.કોર્ટમાં હાજર છે.''

(૧૨.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે સદરહુ સાહેદે જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે સને ૨૦૦૧ ની સાલમાં દરબારી ક્રે.કો.ઓ.સો. શરુ કરેલ અને અમો તેની દૈનીક બચત ઉઘરાવવાનું કામ કરતા હતા તે વખતે મંડળીના મેનેજર તરીકે હસમુખલાલ છગનલાલ ચાવડા દાવોલવાળા વહીવટ કરતા હતા. એ વાત ખરી છે કે દૈનીક બચતના નાણાં ઉઘરાવી દર ૨–૩ દીવસે તેઓની પાસે જમા કરાવવા અમો આવતા હતા. એ વાત ખરી છે કે આ મંડળીમાં અમોએ ત્રણેક માસ સુધી કમીશનથી કામ કરેલુ. એ વાત હાલ મને યાદ નથી કે ત્રણ માસ સુધી અમોને કોઈ કમીશન મળેલ નહી.''

(૧૨.૨) તેઓની આરોપી પક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે મારી કોઈ નીમણુક કરવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે અમો કોઈ વહીવટમાં ન હતા. એ વાતની મને ખબર નથી કે આ ક્રેડીટ સોસાયટીનું કામ શું હતુ.''

(૧૩) ફરીયાદપક્ષ તરફે આંક–૮૩ થી સાહેદ અંબાલાલ શનાભાઈ નાયર નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે સરતપાસ દરમિયાન

તેઓએ જણાવેલ છે કે,'' બનાવ વિશે હું કંઇ જાણતો નથીઈ ૨૦૦૧ની સાલમાં હું કોઇ જગ્યે હોય અને કોઇ બનાવ બનેલો હોય તેવી મને ખબર નથી. બનાવમાં કોઈ મંડળીમાં કોઇ ઇસમે ઉચાપત કરેલ હોય તેની મને ખબર નથી. હું કોઇને ઓળખતો નથી. પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નહિ''

(૧૩.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહુ સાહેદે ફરીયાદપક્ષને સમર્થનકારક હકીકતો જણાવેલ નથી. તેઓની આરોપી તરફે કોઈ ઉલટ–તપાસ લેવામાં આવેલ નથી.

(૧૪) ફરીયાદપક્ષ તરફે આંક–૮૬ થી સાહેદ અશોકભાઈ રામાભાઈ પરમાર નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે સરતપાસ દરમિયાન તેઓએ જણાવેલ છે કે,''હું આશરે ૪૦–૪૫ વર્ષથી વાસણા ગામે રહું છુ. બનાવ વિશે હું કાંઈપણ જાણતો નથી. હું કોઈ જગ્યાએ કોઈ મંડળીમાં હોદા ઉપર હોય અને કોઈ કામગીરી કરેલ હોય તેવુ બનેલ નથી. કોઈ જગ્યાએ કોઈ મંડળીમાં કોઈ ગોટાળો થયો હોય અને તેની મને જાણ હોય તેવુ બનેલ નથી અને કોને શું કામગીરી કરી તેવી કોઈ હકીકત હું જાણતો નથી. કોઈ ગેરરીતિની ફરીયાદમાં પોલીસે મારુ નીવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી. હું કોઈ આરોપીને ઓળખી શકુ નહી.''

(૧૪.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહુ સાહેદે ફરીયાદપક્ષને સમર્થનકારક હકીકતો જણાવેલ નથી. તેઓની આરોપી તરફે કોઈ

ઉલટ–તપાસ લેવામાં આવેલ નથી.

(૧૫) ફરીયાદપક્ષ તરફે આંક–૮૮ થી નિવૃત પી.આઈ.શ્રી ઈશ્વરભાઈ દુધાભાઈ વાણીયા નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે સરતપાસ દરમિયાન તેઓએ જણાવેલ છે કે,''સને ૨૦૦૨ ની સાલમાં અમો આંકલાવ પો.સ્ટે. ખાતે પો.સ.ઈ તરીકે હવાલો સંભાળતા અગાઉના પો.સ.ઈશ્રી જી.બી છાછટીયાનાઓએ અગાઉ આંકલાવ પો.સ્ટે. ખાતે ફરીયાદી શ્રી.એન.આઈ પટેલ વહીવટદાર દરબાર ક્રે.સો. આસોદરનાઓએ આપેલ લેખીત ફરીયાદના આધારે આસોદર દરબાર ક્રે.સો. નો વહીવટર કરનાર હસમુખભાઈ છગનભાઈ ચાવડાનાઓ વિરુધ્ધ આંકલાવ ફ.ગુ.ર.નં. ૧૬/૦૨ થી ઈ.પી.કો કલમ ૪૦૮ વિગેરે મુજબનો ગુનો દાખલ કરી તપાસ તેઓની પાસે રાખેલ જે આગળની તપાસ અમોએ સંભાળેલી. તપાસના કામે અમોએ ફરીયાદી શ્રી નારણભાઈ ઈશ્વરભાઈ પટેલનાઓનું ગુના સંબંધે નીવેદન લીધેલુ જેમાં આરોપીએ રૂ.૨,૯૨,૦૧૭/– (બે લાખ બાણુ હજાર સતર રૂપિયા) ની ઉચાપત કરેલાનું જણાયેલુ અને મંડળીના ચોપડા જમા કરાવવા જણાવતા રોજમેળ તથા ઠરાવ બુક રજુ કરતા તેઓનું અમોએ વિગતવારનું વિશેષ નીવેદન લીધેલુ તેમજ દસ્તાવેજો પૈકી એક રોજમેળ તથા ઠરાવ બુક ૨ પંચો બોલાવી ૨ પંચો રૂબરૂ પંચનામાંની વિગતે કબજે કરી મુદામાલ ઉપર પંચોની સહી કરાવી તેમજ પંચનામાં ઉપર પંચોની સહી કરાવી બંને મુદામાલ કબજે લઈ મુદામાલ પાવતી ફાળવા પી.એસ.ઓ તરફે મોકલી આપેલ અને મુદામાલ પાવતી તૈયાર કરાવેલ ત્યારબાદ સાહેદ હરીશકુમાર ત્રીકમલાલ સાંઘાણી કે જેઓ જીલ્લા સહકારી મંડળીના ઓડીટર હોય તેઓએ ઓડીટ કરેલ હોય તેઓનો જવાબ લીધેલો ત્યારબાદ આ કામે મંડળીના કર્મચારી તથા હોદેદારોના સાહેદોના નીવેદનો લીધેલા. આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય આરોપીને અટક કરી ચાર્જશીટ કરેલુ. મને આંક–૩૨ વાળો હુકમ, આંક–૩૩ વાળુ આરોપીએ કરી આપેલુ લખાણ, આંક–૩૫ વાળી નોટીશ તથા આંક–૩૬ વાળી પાવતી,

આંક–૩૭ વાળી આરોપીને આપેલ નોટીશ, આંક–૩૮ વાળી રજી.એડીની પાવતી, આંક–૩૯ વાળા ઠરાવની નકલ, આંક–૪૦ વાળા ઠરાવની નકલ બતાવવામાં આવે છે જે મને તપાસના કામે મળેલ તે જ છે. મને આંક–૪૨ વાળી હસમુખભાઈની અરજી બતાવવામાં આવે છે તેમજ આંક–૪૩ વાળો વહીવટદાર એન.એ પટેલે કરેલો રીપોર્ટ બતાવવામાં આવે છે જે મને તપાસના કામે મળેલ તે જ છે. મને આંક–૪૦ વાળી ઠરાવ બુક તથા આંક–૪૧ વાળી ડે બુક બતાવવામાં આવે છે જે મે પંચો રૂબરૂ પંચનામાંની વિગતે રજુ કરેલ છે તે જ છે તેમાં પંચોની તથા મારી સહી હું ઓળખી બતાવુ છુ. મને એફ.આઈ.આર બતાવવામાં આવે છે તેમાં પો.સ્ટે. ઓફીસરની સહી હું ઓળખી બતાવુ છુ જે મને તપાસના કામે મળેલ તે જ છે જે રજુ દાખલ આંક–૮૯ આપવામાં આવે છે. મને આરોપી વિરુધ્ધ પોલીસ કેસ નોંધવા માટેનો જીલ્લા રજીસ્ટ્રારશ્રીના પત્ર તા.૦૪.૦૨.૨૦૦૨ ની ઝેરોક્ષ બતાવવામાં આવે છે જે મને તપાસના કામે મળેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ જે હું રજુ કરુ છુ. હાલના તબકકે સદ રહુ દસ્તાવેજ પ્રત હોય પરંતુ પ્રોસીકયુટર ધ્વારા આ કામનું અસલ રેકર્ડ મળી ન આવતાનું અગાઉ રેકર્ડ ઉપર લાવેલ હોય જેથી આ દસ્તાવેજને ટેન્ટેટીવ આંક–૯૦ આપવામાં આવે છે. આ કામે અમો ત.ક.અમલદારે આ કેસના ચાર્જશીટના સાહેદ નં.૪ હરીશકુમાર ત્રીકમલાલ સાંઘાણી ઓડીટરનો સમન્સ બજવણી માટે આપવામાં આવેલ જે અમોએ બજવણી કરાવવાની તજવીજ કરી તેની તપાસ કરી કરાવતા આ સાહેદ મરણ ગયેલ હોય જેમનો મરણનો દાખલો મળી આવતા અમોએ બજવણી કરનારના શેરાના આધારે સદર સાહેદ મરણ ગયેલાના શેરા સાથે મરણનો દાખલો સામેલ રાખી અમારી સહી કરી પરત કરીએ છીએ જે સમન્સ તથા મરણના દાખલાને આંક–૯૧ તથા ૯૨ આપવામાં આવે છે. મને આંક–૮૧ વાળું વોરન્ટ અને તેનો શેરો મને બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે આ કામે સાહેદ રહીમખાન બળવંતસીહનાઓને અગાઉ બજવણી કરવા માટે વોરન્ઠ કાઢવામાં આવેલ જેમાં બજવણી કરનારે તેઓ વિદેશ સાઉદી અરેબીયામાં ગયેલ હોવાનું નીવેદનો ઉપરથી જણાય

આવતા તેઓએ તે નીવેદનો સાથે સાહેદ રહીમખાનનું વોરન્ટ પરત કરેલ હોય જબવજણી કરનારે જે બજવણી કરેલ છે તે બરાબર છે. આરોપીને જોયે ઓળખુ છુ. આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે.''

(૧૫.૧) તેઓની આરોપી પક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે આ મંડળી તા.૦૧.૧૧.૨૦૦૦ થી તા.૩૦.૦૬.૨૦૦૧ સુધી ચાલુ રહેલી. એ વાત મને યાદ નથી કે આ મંડળીમાં કુલ કેટલા સભાસદો હતા. આ મંડળી શરુ કરનાર કુલ કેટલા સભાસદો હતા તેની પણ મને ખબર નથી. એ વાત હાલ મને યાદ નથી કે આ મંડળીના સેક્રેટરી તથા મંત્રી કોણ હતા. એ વાત ખરી છે કે આ મંડળીમા કુલ કેટલા નાણા એકઠા કરવામાં આવેલા તેની મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે આ મંડળીના નાણા બેન્કમાં કેટલા જવાબદાર માણસોની સહી થી ઉપાડવાના હોય અને તેનો કોઈ ઠરાવ મે જોયેલ નહી. એ વાત ખરી છે કે આવો કોઈ ઠરાવ અમોએ તપાસ દરમયાન કબજે પણ કરેલ નહી. એ વાત ખરી છે કે આંક-૩૩ વાળો પત્ર મારી તપાસ દરમયાન મે વાંચેલો. એ વાત ખરી છે કે મે મંડળીનુ શોરૂમ શરુ કરેલો હતો તેના વાઉચર તથા બીલો અંગે મે કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે મંડળીએ સભાસદોને ઉધાર પેટે કેટલા નાણા આપેલા તેના કોઈ હીસાબ ચોપડા મે આ કામે કબજે લીધેલ નથી. એ વાત ખરી છે કે મંડળીએ કોઈને ધીરાણ આપેલ તે બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આ મંડળીનુ કોઈ મકાન ન હતુ તેથી મકાન ભાડે લઈ મંડળીનું કામકાજ કાર્યરત થતુ. એ વાત ખરી છે કે આ મંડળીના મકાનના ભાડા અંગે મંડળીએ કેટલા નાણા ચુકવેલા તેની અમોએ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે આ મંડળીએ મકાનનુ કેટલુ લાઈટબીલ ચુકવેલુ તેની પણ અમોએ તપાસ કરેલ નહી. એ વાત ખરી છે કે મંડળીએ કર્મચારીઓને પગાર પેટે કેટલા નાણા ચુકવેલા તે અંગેની મે તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે આ મંડળીના એજન્ટોને કમીશન પેટે કેટલા નાણા ચુકવવામાં આવેલા તે બાબતેની તપાસ અમોએ કરેલી નહી. એ વાત ખરી છે કે આ મંડળી

તેના ભંડોળમાંથી જુદા જુદા સાધનો જેવા કે ફ્રીઝ, ટીવી, ઘરઘંટી, સાઈકલ, પંખા વિગેરે વસ્તુઓ લાવતા હતા અને સભાસદોને આપતા હતા. એ વાત ખરી છે કે આ તમામ સામાન મંડળીવાળા લાવેલા તે અંગે મે કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે આ સામાન અંગે સભાસદોને માસીક હપ્તો મંડળીને ચુકવી આપવાના હતા. એ વાત ખરી છે કે આ મંડળીના કેટલા સભાસદોને લોન આપેલી અને કેટલા નાણા સભાસદોએ કેટલા હપ્તા લોન પેટે ચુકવેલા તેની તપાસ અમોએ કરેલી નહી અને કોઈ દસ્તાવેજી પુરાવો મે તપાસના કામે કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે પુરતો પુરાવો ના હોવ છતા ખોટી ચાર્જશીટ કરેલ છે અને તેના સમર્થનમાં હાલ હું ખોટી જુબાની આપુ છુ.''

(૧૬) સદર કેસમાં ફરીયાદ પક્ષ દ્વારા આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૪૦૯ મુજબના આપરાધિક આક્ષેપો કરવામાં આવ્યા છે, તેથી કાયદાની જોગવાઈઓની ચર્ચા કરવાનું અનિવાર્ય જણાતુ હોઈ તેથી નીચે મુજબની ચર્ચા કરવામાં આવે છે. ઈ.પી.કો કલમ–૪૦૯ મુજબ જ્યારે કોઈ જાહેર નોકર ગુન્હાહિત વિશ્વાસઘાત કરે તો તે બાબતની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે પરંતુ તે પહેલા જાહેર નોકરે ગુન્હાહિત વિશ્વાસઘાત કરેલ કે કેમ? તેનો નિર્ણય કરવા માટે ઈ.પી.કો. કલમ–૪૦૯ માં કરેલ જોગવાઈઓની ચર્ચા કરવી આવશ્યક છે.

(૧૬.૧) ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૯. જાહેરનોકર અથવા બેકાર, વેપારી અથવા પ્રતિનિધિ દ્વારા ગુન્હાહિત વિશ્વાસઘાત :–

કોઈ પણ વ્યક્તિ, પોતાને કોઈ જાહેરનોકરની હેસિયતથી અથવા પોતાનાં ધંધાના નાતે બેંકર, વ્યાપારી, ફેકટર, દલાલ, એટર્ની અથવા એજન્ટ તરીકે કોઈ મિલકત અથવા મિલ્કત પરનો અધિકાર કોઈ પણ પ્રકારે સોંપવામાં આવ્યો હોય અને તે મિલકત અંગે ગુન્હાહિત વિશ્વાસઘાત કરે તેને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

(૧૬.૨) આ કલમના આવશ્યક તત્વો નીચે પ્રમાણે છે.

૧. આરોપી જાહેર નોકર હતો, અથવા બેંકર, વ્યાપારી, ફેકટર, દલાલ, એટર્ની અથવા

પ્રતિનિધિ હતો,

૨. તે હેસિયતમાં તેમને કોઈક મિલકત સોંપવામાં આવી હતી, અથવા મિલકત પરનો અધિકાર તેમણે મેળવ્યો હતો,

૩. તે મિલકત અંગે આરોપીએ તેવી હેસિયતમાં ગુન્હાહિત વિશ્વાસઘાત કર્યો.

(૧૬.૩) આ કામે આરોપી જાહેર નોકર હતો કે કેમ? તે બાબતનો નિર્ણય કરતા પુર્વ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૧ મુજબ કરેલ જોગવાઈઓની ચર્ચા કરવી જરૂરી જણાતુ હોય તેથી કાયદામાં જાહેર નોકર કે રાજય સેવક કોને કહેવાય તેનો નિર્ણય કરવા માટે નીચે મુજબની ચર્ચા કરવામાં આવેલ છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૨૧ મુજબ રાજય સેવક શબ્દની વ્યાખ્યા કરવામાં આવેલ છે.

કલમ–૨૧. 'જાહેરનોકર :– જાહેરનોકર' એ શબ્દો નીચેનાં વર્ણનમાં સમાવિષ્ટ થતી વ્યક્તિઓનો સમાવેશ કરે છે.

નવમું :– સરકાર વતી કોઈ મિલકત લેવાની, પ્રાપ્ત કરવાની, રાખવાની કે વાપરવાની અથવા સરકાર વતી કોઈ મોજણી, આકારણી કે કરાર કરવાની અથવા કોઈ મહેસૂલી કાર્યવાહી આદેશનો અમલ કરવાની અથવા સરકારના નાણાંકીય હિતને અસર કરતી કોઈ બાબતની તપાસ કરવાની કે તે વિષે અહેવાલ કરવાની અથવા સરકારનાં નાણાંકીય હિત સંબંધી કોઈ દસ્તાવેજ કરવાની, તેને પ્રમાણિત કરવાની કે તેને રાખવાની અથવા સરકારનાં નાણાંકીય હિતના રક્ષણ માટે કોઈ કાનૂનનો ભંગ થતો અટકાવવાની એક અધિકારી તરીકે જેની ફરજ હોય તેવા પ્રત્યેક અધિકારી.

બારમું :–ક–સરકારની નોકરીમાં હોય કે તેની પગારદાર હોય અથવા જાહેરફરજ બજાવવા માટે જેને અથવા કમીશનરૂપે સરકાર મહેનતાણું આપતી હોય તેવી પ્રત્યેક વ્યક્તિ.

–ખ– સ્થાનિક સત્તામંડળનાં, કેન્દ્રના, પ્રાંતનાં કે કોઈ રાજયનાં કોઈ અધિનિયમથી સ્થપાયેલાં કોઈ કોર્પોરેશનની કે કંપની અધિનિયમ–૧૯૫૭, (સને ૧૯૫૬ ના પ્રથમ) ની કલમ–૬૧૭ માં વ્યાખ્યા કર્યા મુજબની સરકારી કંપનીની નોકરીમાં હોય કે તેની પગારદાર હોય તેવી પ્રત્યેક વ્યક્તિ

(૧૬.૪) રાજ્ય સેવક/જાહેર નોકર, બેન્કર, વેપારી, દલાલ વિગેરે આ તમામ વ્યક્તિએ એવી કક્ષાની છે કે જેની પાસે મિલકત એક યા બીજા કારણોસર વિપુલ પ્રમાણમાં આવતી હોય છે, વહીવટીતંત્રમાં જાહેર નોકર ઉપર કાનૂની બંધનો હોય અને

જાહેર નોકરે તેમના અધિકૃત હોદ્દાની રૂએ કાયદાની મર્યાદામાં કામ કરવાનું હોય તથા કાયદાના બંધનમાં રહી કાર્ય કરવાનું હોય છે તેમ છતાં આવી વ્યક્તિને મિલકત સોંપનાર વ્યક્તિ એક ચોક્કસ વિશ્વાસથી મિલકત સોંપતા હોય છે અને જ્યારે એવી મિલકત બાબતમાં ગુન્હાહિત વિશ્વાસઘાત થાય ત્યારે વહીવટીતંત્ર વ્યવસ્થિત ચાલી શકે નહિ, તે ધ્યાનમાં રાખીને સદર કલમની રચના કરવામાં આવેલ છે અને તેથી ક 55 સજાની જોગવાઈ કરવામાં આવેલી છે.

(૧૬.૫) જાહેર નોકરની વ્યાખ્યા ઈ.પી.કો. કલમ–૨૧ મુજબ કરવામાં આવેલી છે. જાહેર નોકરને મિલકતની સોંપણી કરવામાં આવે તે તેના અધિકૃત દરજ્જાની રૂએ કરવામાં આવતી હોય છે અને જ્યારે આ જાહેર નોકર અધિકૃત હોદ્દાની રૂએ સોંપવામાં આવેલી મિલકતની ઉચાપત કરે કે પોતાના ઉપયોગમાં લે અને કાયદાનું ઉલ્લંઘન કરીને કોઈ પ્રતિબંધિત કાર્ય કરે તો તેમની જવાબદારીનુ સ્તર વધારે હોય, તેથી કરવામાં આવેલ કૃત્ય, સોંપવામાં આવેલ મિલકત અને જાહેર નોકરનો અધિકૃત દરજ્જો એ ત્રણેયને એકબીજા સાથે સંબંધ હોવો જોઈએ. **કાનૂન દ્રારા અથવા સોંપનારની સુચના મુજબ તે મિલકતનો ઉપયોગ કરવાનો હોય છે અથવા મિલકત રાખવાની હોય છે** અને તેવી મિલકતનો ગુન્હાહિત ઉચાપત અપ્રમાણિકપણે પોતાના ઉપયોગ માટે કરવામાં આવે તો આ કલમ હેઠળ ગુનો બને છે અને આ કલમ હેઠળનો ગુનો બનવા માટે અપ્રમાણિકતા તત્વ હોવુ આવશ્યક છે અને મિલકતની સોંપની કરવામાં આવી હોય તે પણ એટલું જ આવશ્યક છે.

(૧૬.૬) આરોપી જયારે જાહેર નોકર કે રાજય સેવક હોય તો તેને વિરુધ્ધ કરેલ કોઈ પણ અપરાધની કાયદેસરની કાર્યવાહી કરતા પહેલા ગુનાનો સંજ્ઞાન લેવા માટે સી.આર.પી.સીની કલમ મુજબ પુર્વ પરવાનગી લેવામાં આવેલ કે કેમ? અને એવી પુર્વ પરવાનગી લેવી જરૂરી હતી કે કેમ? તેનો નિર્ણય કરતા પહેલા આરોપી વિરુધ્ધ કરેલ આરોપ બાબતના સંજ્ઞાન લેવા માટે પૂર્વ પરવાનગી બાબતની ચર્ચા સી.આર.પી.સી. કલમ–૧૯૭ કરવામાં આવેલ હોય તે અનુસંધાને જાહેર નોકર સામે આ કલમ અંગેના ગુનાની ફરીયાદ કરવામાં આવે ત્યારે પૂર્વ મંજુરી આવશ્યક છે. જાહેર નોકર તેની અધિકૃત ફરજના કાર્યક્ષેત્રમાં હતો કે કેમ?, જે અંગે ફરીયાદ કરવામાં આવી હોય તે ગુનો બને છે કે કેમ? કૃત્ય તથા અધિકૃત ફરજ વચ્ચેનો સંબંધ અને એ અધિકૃત દરજ્જામાં કરવામાં આવેલ

ગુન્હાહિત વિશ્વાસઘાત એ તમામ તત્વો પૂર્વ મંજુરી આપવા સમયે લક્ષ ઉપર લેવાના હોય છે.

(૧૬.૭) આ કલમ હેઠળ ગુન્હાહિત વિશ્વાસઘાતની વ્યાખ્યા કરવામાં આવેલ છે અને જ્યારે કોઈ વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિ ઉપર વિશ્વાસ રાખીને કોઈ મિલકત સોંપે તથા તે સોંપેલી મિલકતનો દુરૂપયોગ કે ઉચાપત થાય તો સદર કલમ હેઠળ ગુન્હાહિત વિશ્વાસઘાતનો ગુનો બને છે. સદર કલમ હેઠળ "મિલકતની સોંપણી" અવશ્યપણે કરવામાં આવેલ હોય તથા આ "મિલકતની સોંપણી" વિશ્વાસના આધારે થયેલ હોય તથા લેણદાર તથા દેણદાર વચ્ચે સંબંધ સ્થાપિત થાય અને ત્યારબાદ આ વિશ્વાસનો ભંગ કરી સોંપેલ મિલકતની ઉચાપત કરે કે આ સોંપેલ મિલકતનો ઉપયોગ પોતાના અંગત ઉપયોગામાં લે અથવા તો અમલ કરવાની પધ્ધતિ દર્શાવતા કાનૂની આદેશનું ઉલ્લંઘન કરી પોતાના ઉપયોગમાં લે ત્યારે ગુન્હાહિત વિશ્વાસગાતનો ગુનો થાય.

(૧૬.૮) જ્યારે કોઈ વ્યક્તિ જાહેર નોકરના કબજામાં કોઈ મિલકત સોંપે અને તેની ઉચાપત થાય ત્યારે જાહેર નોકરનું આ કૃત્ય ગુન્હાહિત વિશ્વાસઘાત ગણાય કારણ કે મિલકત તેના અધિકૃત હોદ્દાની રૂએ સોંપવામાં આવેલી હોય છે.

(૧૬.૯) નામ. ગુજરાત ઉચ્ચ ન્યાયાલય, **ઈન્દ્રવદન ચીમનલાલ શાહ વિ. ગુજરાત રાજ્ય,** ૧૯૯૩, ક્રિમીનલ લો રીપોર્ટર (ગુજરાત ૩૪૮) માં ગુન્હાહિત વિશ્વાસઘાતની ચર્ચા કરી એવુ ઠરાવેલ કે પ્રથમ તો મિલકતની સોંપણી કરવામાં આવી હોય તે બાબત પુરવાર કરવી પડે. ત્યારબાદ સોંપવામાં આવેલી મિલકત અંગે ગુન્હાહીત વિશ્વાસઘાત થયો છે કે તેનો અંગત ઉપયોગ કરવામાં આવ્યો છે તે બાબત પુરવાર કરવી પડે. સોંપવામાં આવેલી મિલકતનો ગેરકાનૂની રીતે અથવા તો કરાર કરતા વિરૂદ્ધ જઈને નિકાલ કરવામાં આવ્યો હોય તે પણ આ ગુન્હો બને છે. સોંપણી કરવામાં આવે ત્યારે વ્યક્તિ મિલકતના કબજામાં કે તેનું નિયંત્રણ ધરાવે છે.' તેમ માનવાનું રહે છે.

(૧૭) **સદરહું કામે ફરીયાદપક્ષ તરફે રજુ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ, કેસની હકીકતો તેમજ રેકર્ડ લક્ષમાં લઈ ચર્ચા કરીએ તો,** હાલના કામે ફરીયાદપક્ષે આંક–૭૨ પંચ સાહેદ જેણાભાઈ શકરાભાઈ પઢીયારને તથા આંક–૭૪ થી પંચ સાહેદ દિનેશભાઈ પરસોત્તમભાઈ પઢીયારને તપાસેલ છે જેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન

આપેલ નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ત્યારબાદ તેઓને હોસ્ટાઈલ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પ્રશ્નો પુછવામાં આવેલ છે તેમાં પણ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. ત્યારબાદ સદરહું કામે આંક–૭૬ થી સાહેદ રાજેશભાઈ અંબાલાલ મકવાણાને તપાસવામાં આવેલ છે જેઓ પ્રોસિકયુશનના કેસ મુજબ જે તે સમયે કો.ઓ. સોસાયટીના ડિરેકટર હતા. જેઓ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ત્યારબાદ તેઓને હોસ્ટાઈલ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પ્રશ્નો પુછવામાં આવેલ છે તેમાં પણ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. ત્યારબાદ આંક–૮૨ થી સાહેદ માનસીંગ ચન્દ્રસીંગ રાઠોડને તપાસવામાં આવેલ છે જેઓ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ત્યારબાદ તેઓને હોસ્ટાઈલ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પ્રશ્નો પુછવામાં આવેલ છે તેમાં પણ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. ત્યારબાદ આ કામે આંક–૮૩ થી સાહેદ અંબાલાલ શનાભાઈને તપાસવામાં આવેલ છે, જેઓ પ્રોસિકયુશનના કેસ મુજબ જે તે સમયે કો.ઓ. સોસાયટીના ડિરેકટર હતા. જેઓ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ત્યારબાદ તેઓને હોસ્ટાઈલ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પ્રશ્નો પુછવામાં આવેલ છે તેમાં પણ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. ત્યારબાદ આંક–૮૬ થી અશોકભાઈ રામાભાઈ પરમારને તપાસવામાં આવેલ છે, જેઓ પ્રોસિકયુશનના કેસ મુજબ જે તે સમયે કો.ઓ. સોસાયટીના ડિરેકટર હતા. જેઓ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ત્યારબાદ તેઓને હોસ્ટાઈલ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પ્રશ્નો પુછવામાં આવેલ છે તેમાં પણ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી.

(૧૭.૧) આ કામે આંક–૭૯ થી ફીરોઝ મહંમદ ઉર્ફે ફકીર મહંમદ ચન્દ્રસિંહ રાઠોડને તપાસવામાં આવેલ છે જેઓ પણ ફરીયાદપક્ષના કેસને પૂર્ણ રીતે સમર્થન કરતા

નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ત્યારબાદ તેઓને હોસ્ટાઈલ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પ્રશ્નો પુછવામાં આવેલ છે જેમાં તેઓ પ્રોસિકયુશનના કેસને સમર્થન કરે છે. આમ, સદર કામે પ્રોસિકયુશન ધ્વારા ફરીયાદી અને હોસ્ટાઈલ સાહેદ ફીરોઝ મહંમદ ઉર્ફે ફકીર મહંમદ ચન્દ્રસિંહ રાઠોડની જુબાની ઉપર આધાર રાખેલ છે. સદરહું કામે ઈ.પી.કો. કલમ–૪૦૯ વંચાણે લેતાં તેમાં ઠરાવેલ છે કે,

409. Criminal breach of trust by public servant, or by banker, merchant or agent. — Whoever, being in any manner entrusted with property, or with any dominion over property in his capacity of a public servant or in the way of his business as a banker, mer-chant, factor, broker, attorney or agent, commits criminal breach of trust in respect of that property, shall be punished with imprisonment for life, or with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine.

આમ, ઈ.પી.કો.કલમ–૪૦૯ નો ગુનો પુરવાર કરવા માટે સોંપવામાં આવેલ મિલકતનો અપ્રમાણિક રીતે દુરૂપયોગ થયો છે તેવું પુરવાર કરવું પડે. આ કામે આરોપી પાસેથી કોઈ રકમ કબજે કરવામાં આવેલ નથી. વધુમાં કોઈ સાહેદે એવું જણાવેલ નથી કે, આરોપીએ ઉચાપત કરી અંગત કામ માટે રકમ વાપરી નાંખેલ છે.

(૧૮) ફરીયાદપક્ષ તરફે એવી દલીલ છે કે, આ કામે આરોપીએ પોતે આંક–૩૩ ના નિવેદનમાં સિલકની જવાબદારી તેમની છે તેવું કબુલે છે. ફરીયાદીની ઉપરોકત દલીલ ટકવાપાત્ર નથી કારણ કે તેઓ રકમની જવાબદારી સ્વીકારે છે પરંતુ તે સાથે એવું પણ જણાવે છે કે તેઓ સભાસદોને સાધનો ઉધાર પેટે આપેલ છે અને તેના હિસાબો લખેલ નથી અને તેના ડોકયુમેન્ટ ઉતારવાના બાકી છે અને તે ઉપરાંત કર્મચારીઓને ચુકવેલ પગાર, મકાનભાડું, લાઈટબીલ, એજન્ટ કમિશન પેટેની રકમ રોજમેળમાં ઉધારવાનું બાકી છે અને જે રકમ ઉધારતાં જે કોઈ સિલક નિકળશે તે હું તુરંત બેંકમાં જમા કરાવીશ તે

પ્રમાણેની ખાતરી આપુ છું. આમ, આરોપીનું નિવેદન જોતાં એવું કહી શકાય કે તેઓએ હિસાબ રાખવામાં કાળજી રાખેલ નથી, પરંતુ તેઓએ ઉચાપતનો ગુનો કરેલ હોય તેવું કહી શકાય નહીં. આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના The State Of Gujarat vs Kavadiya Sureshkumar Bhogilal on 27 November, 202 નો ચૂકાદો વંચાણે લઈએ તો તેમાં ઠરાવેલ છે કે,

(8) Considering the facts and circumstances of the case, it appears that the accused have not committed any offence of misappropriation or siphoned away the amount merely because the accused were not able to produce the property which was entrusted to them cannot be said that the accused are liable for the criminal breach of trust as defined under Section 408 of the IPC, which reads thus:-

"408. Criminal breach of trust by clerk or servant.--
Whoever, being a clerk or servant or employed as a clerk or servant, and being in any manner entrusted in such capacity with property, or with any dominion over property, commits criminal breach of trust in respect of that property, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine."

(9) In order to establish the offence under Section 408 of the IPC, there must be a dishonest misappropriation of the property entrusted. So long as the amount has not been recovered from the person of the respondent or from their possession and there is no evidence that they have taken the amount, though they were answerable for the amount, it cannot be held that the accused have dishonestly

misappropriated the amount or siphoned away the said amount of the society. (10) The criminal breach of trust has been defined under Section 405 of the IPC, which reads thus:-

"405. Criminal breach of trust.--Whoever, being in any manner entrusted with property, or with any dominion over property, dishonestly misappropriates or converts to his own use that property, or dishonestly uses or disposes of that property in violation of any direction of law prescribing the mode in which such trust is to be discharged, or of any legal contract, express or implied, which he has made touching the discharge of such trust, or wilfully suffers any other person so to do, commits "criminal breach of trust".

(11) To constitute an offence of criminal breach of trust as rightly pointed out by the Court below there must be a dishonest misappropriation. Mere misappropriation will not amount to criminal breach of trust. It must be dishonest. Dishonest misappropriate is again defined under Section 403 of the IPC, which reads thus:-

"403. Dishonest misappropriation of property.---Whoever dishonestly misappropriates or converts to his own use any moveable property, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both."
'Dishonestly' has been further defined under Section 24 of the Indian Penal Code, which reads as under:

"24. 'Dishonestly'.---Whoever does anything with the intention of causing wrongful gain to one person or wrongful loss to another

person, is said to do that thing "dishonestly"."

(12) Whoever does anything with the intention of causing wrongful gain or loss to any other is said to have committed that thing dishonestly. Therefore in order to constitute an offence under Sections 403 and 408 of the IPC. there must be a wrongful gain to the person who commits the offence or there must be wrongful loss to another person. Thrust of the provision is to the gain or loss. In these circumstances it is important to note that so long as the amount has not been recovered either from the person or from the possession of the respondents it cannot be said that they had an intention of causing wrongful gain by taking the said amount. No witness has spoken that the amount was taken by the respondents. Therefore, as rightly observed by the Court below no offence of criminal breach of trust has been constituted in the facts and circumstances of the case and the first Appellate Court has rightly acquitted the respondents. Sometimes the respondents may be liable for negligence but not liable for the offence, they were charged. In view of this, this Court does not find any ground to interfere with the impugned judgment and order of acquittal.

(૧૮.૧) ઉપરોકત ચુકાદા પ્રમાણે જ્યાં સુધી આરોપી પાસેથી અથવા તેમના કબજામાંથી કોઈ રકમ વસુલ કરવામાં ના આવે અને તેમણે રકમ લીધી હોવાનો કોઈ પુરાવો ના આવે જો કે તેઓ આ રકમ માટે જવાબદાર હતા ત્યાં સુધી એવું માની શકાય નહીં કે આરોપીએ ખોટી રીતે રકમનો દુરૂપયોગ કર્યો છે.

(૧૯) વધુમાં આ કામે આંક-૪૧ થી અસલ ડે બુક રજુ કરેલ છે, જેના પાના નં.૧૯૦ ઉપર બંધ સિલક રૂા.૨,૯૨,૦૧૭/- તા.૨૮/૦૬/૨૦૦૧ ના રોજની બતાવેલ

છે અને ફરીયાદપક્ષના કેસ મુજબ તા.૧૧/૧૦/૨૦૦૧ ના રોજ હાલના ફરીયાદીએ હાલના આરોપી પાસેથી મંડળીના મેનેજર તરીકેનો ચાર્જ સંભાળેલો અને તે દિવસે પણ બંધ સિલક રૂા.૨,૯૨,૦૧૭/- બતાવે છે. ફરીયાદપક્ષના કેસ મુજબ જો આરોપીએ રૂા.૨,૯૨,૦૧૭/- ની ઉચાપત કરેલ છે તો તેઓને તા.૨૮/૦૬/૨૦૦૧ થી તા.૧૧/૧૦/૨૦૦૧ સુધી ચેરમેન/મેનેજર તરીકે કેમ રાખેલ? વધુમાં ફરીયાદપક્ષ ધ્વારા એવું પુરવાર કરેલ નથી કે, સદરહું ડે બુક આરોપીએ જાતે લખેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી જે તે સમયે સોસાયટીના ચેરમેન હતા તો સ્વાભાવિક રીતે તેઓને ચેરમેન તરીકે ઘણી બધી કામગીરી હોય તેથી એવું માની શકાય નહીં કે બધી ડે બુક આરોપીએ જાતે લખેલ હોય. વધુમાં આ કામે ઉપરોકત રકમની ઉચાપત થયેલ છે તો તે રકમની ગણતરી કઈ રીતે કરેલ છે, તેવું ફરીયાદપક્ષ ધ્વારા જણાવવામાં આવેલ નથી.

(૧૯.૧) વધુમાં સોસાયટીના નિયમ મુજબ દર વર્ષે ઓડિટ કરવું પડે, પરંતુ આ કામે કોઈ ઓડિટ રીપોર્ટ પણ રજુ થયેલ નથી. આમ, ફરીયાદપક્ષ ધ્વારા ઓડિટ કયા કારણોસર કરવામાં આવેલ નથી તે બાબતનો કોઈ ખુલાસો કરેલ નથી. વધુમાં જો ઓડિટ થયેલ હોય તો ઓડિટરનો રીપોર્ટ સદરહું કામે રજુ કેમ કરેલ નથી તે બાબતે કોઈ ખુલાસો કરેલ નથી. તેથી ફરીયાદપક્ષ ધ્વારા આક્ષેપિત રકમની ઉચાપત આરોપી ધ્વારા કરેલ હોય તે હકીકત ઓડિટ રીપોર્ટ વગર માનવી સલામત જણાઈ આવતી નથી.

(૨૦) હાલના કામે ફરીયાદપક્ષ ધ્વારા ફકત ફરીયાદીની જુબાની પર આધાર રાખેલ છે અને આ કામે છ મટિરીયલ વિટનેશમાંથી પાંચ વિટનેશ હોસ્ટાઈલ થઈ ગયેલ છે અને ફરીયાદપક્ષ ધ્વારા ફકત ફરીયાદીની જુબાની અને સાહેદ ફીરોઝ મહંમદ ઉર્ફે ફકીર મહંમદ ચન્દ્રસિંહ રાઠોડ નાઓની જુબાની તથા આંક-૩૩ થી રજુ આરોપીના નિવેદન ઉપર આધાર રાખેલ છે. હાલના કામે ફરીયાદી આંક-૪૧ થી રજુ ડે બુકની નોંધના આધારે જુબાની આપે છે. તેઓની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ-તપાસ દરમ્યાન

એ હકીકત સ્વીકારેલ છે કે, મંડળીનો શું વહીવટ થયો અને કેવો વહીવટ થયો તેની મને જાત માહિતી નથી. એ હકીકત સ્વીકારેલ છે કે, સરકારી મંડળીના ધારાધોરણ મુજબ દર વર્ષે ઓડિટ કરવામાં આવે છે. એ હકીકત સ્વીકારેલ છે કે, આંક–૪૧ વાળા દસ્તાવેજ અંગે મને જાત માહિતી નથી. એ હકીકત સ્વીકારેલ છે કે, હું હાજર થયો તે પહેલાના વહીવટ થયા છે તે અંગે મને જાત માહિતી નથી. આમ, આ કામના ફરીયાદીને બનાવ અંગેની કોઈ જાત માહિતી ન હોવાનું ફલિત થાય છે.

(૨૧) વધુમાં ફરીયાદપક્ષ તરફે સાહેદ ફીરોઝ મહંમદ ઉર્ફે ફકીર મહંમદ ચન્દ્રસિંહ રાઠોડની જુબાની ઉપર આધાર રાખેલ છે. સદરહું સાહેદને ફરીયાદપક્ષ ધ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેઓ ફરીયાદપક્ષના સમર્થનમાં એટલું જણાવે છે કે, આ કામના આરોપી જે તે વખતે મંડળીના મેનેજર અને ચેરમેન હતા અને મંડળીના નાણા રોકડ હસમુખભાઈ પાસે જતા હતા અને મંડળીના હિસાબની તપાસ ડિરેકટરે કરતા હિસાબમાં ગરબડ જણાયેલ. વધુમાં તેઓએ જણાવેલ છે કે, અમો આ કામના આરોપી હસમુખભાઈને રોજે રોજ રકમ જમા કરાવતા. તે બાબતે તેઓએ આંક–૮૦ થી નોટબુક રજુ કરેલ છે. ફરીયાદપક્ષ ધ્વારા સદરહું નોટબુક ત.ક.અ.શ્રી સમક્ષ કેમ અગાઉ રજુ કરેલ નથી તે બાબતે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી.

(૨૧.૧) આ સંદર્ભે ફરીયાદપક્ષ તરફે એવી દલીલ છે કે, નાણાં સંભાળવાની જવાબદારી બધી આરોપીની હતી, પરંતુ આ કામે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ આંક–૪૧ ની ઠરાવબુક જોવામાં આવે તો જેમાં તા.૦૧/૧૧/૨૦૦૦ ના રોજનો ઠરાવ જોવામાં આવે તો તેમાં એવું જણાવેલ છે કે, આપણી સોસાયટીના તમામ કારોબારી સભ્યો ભેગા મળી ખેડા જીલ્લા મધ્યસ્થ બેંકમાં ચાલું ખાતમાં નીચે જણાવેલ ત્રણ સભ્યો પૈકી ગમે તે બેની સહીથી નાણાંકીય લેવડ દેવડ કરવામાં આવશે તેવું ઠરાવવામાં આવેલ છે. જેમાં (૧) ચાવડા હસમુખલાલ છગનલાલ (જે હાલના કામના આરોપી છે.) (૨) ઠાકોર કનુભાઈ ખોડાભાઈ અને (૩) ઠાકોર ગોરધનભાઈ પુજાભાઈ છે. આમ, ઉપરોકત ઠરાવ મુજબ નાણાંકીય

લેવડ દેવડની જવાબદારી ત્રણ વ્યકિતઓને સોંપવામાં આવેલ તેમ છતાં અન્ય બે વ્યકિતઓ વિશે ફરીયાદપક્ષે કોઈ ખુલાસો કરેલ નથી. વધુમાં આ કામે આંક–૮૦ થી અસલ નોટબુક રજુ કરેલ છે. જે નોટબુક જોતાં ચેરમેન/મેનેજર તરીકે આરોપી સિવાય અમુક જગ્યાએ અન્ય વ્યકિતની પણ સહી છે.

(૨૨) વધુમાં ફરીયાદપક્ષ દ્વારા આંક–૩૩ થી રજુ આરોપીના નિવેદન ઉપર આધાર રાખેલ છે, પરંતુ આંક–૩૩ ના નિવેદનમાં આરોપીએ ઉચાપત કરેલ હોય તેવું સ્વીકારેલ નથી. વધુમાં આ કામે કોઈ ઓડિટ રીપોર્ટ રજુ થયેલ નથી. આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના State Of Gujarat vs Kaysinh Dhulsinh Makwana on 18 September, 2025 નો ચૂકાદો વંચાણે લેવામાં આવે તો, તેમાં ઠરાવેલ છે કે,

8. On minute appreciation of the entire evidence of the prosecution, it is clear that the prosecution case is riddled with inconsistencies and serious lacunae. Out of five material witnesses, three have turned hostile. The only witness who supported the case is the auditor, who had lacked personal knowledge and relied solely upon account entries which are not legally sufficient to sustain conviction. The so-called admission of the accused before the auditor is not proved in accordance with law and cannot be treated as a voluntary confession. It is well settled that entries in books of account by themselves are not sufficient to charge a person with criminal liability and without independent corroboration, the auditor's evidence falls short of the standard required in criminal jurisprudence to prove the offence beyond reasonable doubt. Moreover, entrustment of the alleged amount to the accused is a sine qua non for criminal breach of trust and the same is not established by any oral or documentary evidence

and the prosecution has failed to prove its case beyond reasonable doubt.

(૨૨.૧) આમ, ઉપરોકત ચૂકાદા મુજબ ફકત એકાઉન્ટ બુકમાં નોંધાયેલ એન્ટ્રીઓ વ્યકિતને દોષિત ઠરાવવા માટે પુરતી નથી અને તેને સ્વતંત્ર સમર્થન વિના ફોજદારી ન્યાયશાસ્ત્ર મુજબ વાજબી શંકાની બહાર નિ:શંકપણે ગુનો પુરવાર કરવા માટે ઓછો પડે છે.

(૨૩) વધુમાં આ કામે આંક–૮૮ થી ત.ક.અ. નિવૃત પી.આઈ.શ્રી ઈશ્વરભાઈ દુધાભાઈ વાણીયા ને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની ઉલટ–તપાસમાં સ્વીકારેલ છે કે, મંડળી તેમના ભંડોળમાંથી જુદા જુદા સાધનો ફ્રીજ, ટીવી, ઘરઘંટી જેવા સાધનો લાવતા હતા અને સભાસદોને આપતા હતા. વધુમાં ત.ક.અ.શ્રી પોતાની જુબાનીમાં એવું જણાવે છે કે, આ મંળીના ડાયરેકટર કોણ હતા તેમજ સેક્રેટરી કોણ હતા તેની તેમને ખબર નથી. વધુમાં તેઓ એવું પણ જણાવે છે કે, એ વાતની મને ખબર નથી કે આ મંડળીના નાણાં કેટલા સભ્યોના સહીથી ઉપાડવાના હોય. વધુમાં ત.ક.અ.શ્રીએ કયા કારણોસર વાઉચર કે બીલો કે હિસાબી ચોપડા અને ઓડિટર રીપોર્ટ રજુ કરેલ નથી કે કબજે લીધેલ નથી તેનો કોઈ ખુલાસો કરેલ નથી. આમ, સમગ્ર પુરાવો જોતાં હાલના કામના આરોપીને આક્ષેપિત ગુન્હામાં સાંકળતો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૨૪) આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ તા.૦૧/૧૧/૨૦૦૦ થી તા.૩૦/૦૬/૨૦૦૧ સુધીના સમયગાળા દરમ્યાન ઉચાપત કરેલ છે. જયારે હાલના કામનો ગુનો તા.૦૫/૦૨/૨૦૦૨ ના રોજ દાખલ થયેલ છે. વધુમાં આરોપી દ્વારા કોઈ ઉચાપત કરવામાં આવેલ હોય તેવી કોઈ ફરીયાદ ડિસ્ટ્રીક રજીસ્ટ્રારને મોકલેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. વધુમાં ફરીયાદપક્ષ દ્વારા ૭ મહિના પછી ગુનો દાખલ કરેલ છે તે બાબતે કોઈ ખુલાસો કરેલ નથી. વધુમાં આ કામે કોઈ ઓડિટરનો રીપોર્ટ પણ રજુ કરેલ નથી. આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના State Of Gujarat vs

Jerubhai Fuljibhai on 17 March, 1993 ના ચૂકાદામાં ઠરાવેલ છે કે,

14. Neither the complainant nor the prosecution witnesses have made any attempt to explain the long delay in filing the complaint which came to be filed on 15th March, 1979, i.e., 6 months after the incident. As already pointed out hereinabove, neither the Bank Inspector nor any office-bearer of the Society has complained to the District Registrar as regards the alleged misappropriation by the accused.

15. It is an admitted position that the Statutory audit is conducted by an authorised officer of the District Registrar of Co-operative Societies, under the relevant provisions of the Gujarat Co-operative Societies Act. Such audit would clearly bring out the accounting deficiencies, if any and would detect and pin-point the responsibilities for shortage of cash balance, if any, with reference to the relevant dates. Admittedly no such statutory audit nor the results thereof have been brought on record by the prosecution. It is also an admitted position that the Bank Inspector (P.W. 5 - Exh. 44) was merely a representative of the Ahmedabad District Co-operative Bank, which Bank was concerned only with verifying the accounting practice with a view to safeguard its loans and verification of stock, etc., by way of security for such loans. Admittedly the Bank Inspector had no power of audit, and in fact did not profess to conduct any audit at all.

16. On such facts and circumstances it would be very risky and would amount to mere conjuncture to rely upon the endorsements

alleged to have been made by the accused at Exhs. 23 and 24 in the Rojmel (Exh. 32) on 13th and 14th September, 1978, particularly when they were made under pressure and compulsion.

(૨૪.૧) હાલના કામે પણ ફરીયાદ મોડી થયેલ છે અને ફરીયાદપક્ષ ઘ્વારા કોઈ ઓડિટ રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી અને તે બાબતનો કોઈ ખુલાસો પણ ફરીયાદપક્ષ તરફે કરેલ નથી.

(૨૫) આમ, સદરહું કામે ઉપરોકત વિગતે કરેલ વિસ્તૃત ચર્ચા લક્ષમાં લેતાં, તેમજ ફરીયાદ પક્ષ તરફે રજુ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું કરેલ મુલ્યાંકન તથા સંલગ્ન કેસની હકીકતો લક્ષમાં લેતાં, તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત ઘ્વારા **''કૈલાસ ગોર વિરૂઘ્ધ સ્ટેટ ઓફ આસામ'', એ.આઈ.આર.૨૦૧૨, એસ.સી. પાના નંબર–૭૮૬** ના ચુકાદા અન્વયે પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતો સંદર્ભે કરેલ ચર્ચા લક્ષમાં લેતાં, સદરહું કામના આરોપીને આક્ષેપિત ગુનાઓ અન્વયે તકસીરવાન ઠરાવવા યોગ્ય પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, સદરહું કામના આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૯ મુજબના આક્ષેપીત ગુના કરેલ હોવાનું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, ત્યારે આરોપીને આક્ષેપિત ગુનામાં તકશીરવાન ઠરાવવાનો હુકમ કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાતુ ન હોય, આથી મુદ્દા નં.૧ નો નિર્ણય ઉપરોકત વિગતે ''નકારમાં'' ઠરાવી, સદરહું કામે મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

<u>–: આખરી હુકમ :–</u>

(૧) આથી, સદરહું કામના આરોપી હસમુખભાઈ છગનભાઈ ચાવડા, રહે.અલકાપુરી ટેકરી, મુ.પો.દાવોલ, તા.આંકલાવ, જી.આણંદને ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૪૦૯ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં

આવે છે.

(૨) સદરહું કામે કબજે કરેલ મુદ્દામાલ રોજમેળ ચોપડો, પાકા પુઠાનો ચોપડો તથા એક ઠરાવ બુક અપીલ સમય વિત્યા બાદ ધોરણસર કાર્યવાહી કરી મુળ ફરીયાદીને પરત સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદરહું કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૭એ મુજબ અપીલ સમયગાળા માટે રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ, આજરોજ તારીખ : ૦૪, માહે : જુલાઈ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : આંકલાવ.
તા.૦૪/૦૭/૨૦૨૬

(એ.બી.સિંઘવી)
જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, આંકલાવ
જજ કોડ જી.જે.૦૧૫૮૬

(M.M.Pathan)
Stenographer